
॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 4 • Issue : 2 • 5th September, 2021 • Price : Rs. 10



પૂજ્ય શ્રીમોટાના ૧૨૪મા અવતરણ દિન (જન્મ દિવસ) ઉત્સવ તા. ૨૫-૦૯-૨૦૨૧, શનિવાર અને તા. ૨૬-૦૯-૨૦૨૧, રવિવાર (સ્થળ : રાજપૂત સમાજ ભવન, ગોતા, અમદાવાદ)

હરિઃૐ



હરિઃૐ

**મારે સમાજને બેઠો કરવો છે.**

**હું સર્વત્ર વિદ્યમાન છું.**

**સમાજ મારો ભગવાન (દેવતા) છે.**

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઊજવવા મંજૂરી આપેલ. તેમાંથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃૐ આશ્રમ, નડીઆદ દ્વારા પૂજ્ય શ્રીમોટાના ૧૨૪મા અવતરણદિન (જન્મદિન)નો ઉત્સવ ઊજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને તેઓના મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**આપના વહાલાં સ્વજન (યજમાન)**

**સુજ્ઞશ્રી મૃદુલાબહેન માણેકલાલ મુખી** — **સુજ્ઞશ્રી ભારતીબહેન માણેકલાલ મુખી**

## ● ઉત્સવ તેમ જ ઉતારાનું સ્થળ ●

રાજપૂત સમાજ ભવન, ગોતા-ઓગણજ રોડ, એસ.જી. હાઇવે, ગોતા, અમદાવાદ-૩૮૨૪૧૧
ફોન : ૯૧૦૬૬૨૭૪૩૫ (પુરુષોત્તમભાઈ પ્રજાપતિ)

## ● ઉત્સવ કાર્યક્રમ ●

**તા. ૨૫-૦૯-૨૦૨૧, શનિવાર (સાંજે)**

- શોભાયાત્રા : સાંજે ૫-૦૦ થી ૫-૪૫ - ગોતા ચાર રસ્તા, એસ. જી. હાઇવેથી ઉત્સવના સ્થળે
- સાંજે ૬-૦૦ થી ૭-૩૦ - હરિઃૐ ધૂન અને ભજન, હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ તથા લવાછા મંડળ, સુરત
- ૭-૩૦ થી ૯-૦૦ - યજમાન દ્વારા પ્રસાદનું આયોજન

**તા. ૨૬-૦૯-૨૦૨૧, રવિવાર (સવારે)**

- ૭-૦૦ થી ૭-૩૦ - ચા/કોફી, અલ્પાહાર
- ૭-૩૦ થી ૯-૦૦ - નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન અને ભજનો ગાયકવૃંદ પલ્લવી મલાવીયા, નમ્રતા સોની તથા સાથી કલાકારો
- ૧૦-૦૦ થી ૧૧-૦૦ - પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન
- ૧૧-૦૦ થી ૧૧-૩૦ - આશ્રમનો અહેવાલ, આભારવિધિ
- ૧૧-૩૦ થી ૧૨-૩૦ - આરતી, ગુરુવંદના, મહાપ્રસાદ

**નોંધ : (૧)** તા. ૨૫-૦૯-૨૦૨૧ ને શનિવારે બહારગામથી આવનાર સ્વજનોને ઉતારાના સ્થળે રાત્રિ રોકાણ માટે તેઓની સંખ્યા તા. ૨૩-૦૯-૨૦૨૧ (સાંજના ૬-૦૦) સુધીમાં નીચે જણાવેલ નંબર પર વ્હોટ્સએપ સંદેશો મોકલીને તેમ જ ફોનથી વાત કરવા વિનંતી.

**ભાનુભાઈ પટેલ : ૯૪૨૬૩ ૮૮૨૮૮** — **મૃદુલાબહેન મુખી : ૭૦૧૬૫૯૮૮૦૪**

**સુરેશભાઈ વોરા : ૯૪૨૭૫ ૫૪૩૯૧** — **નીતિનભાઈ રામી : ૯૮૨૫૦ ૩૮૧૦૧**

**(૨)** AMTS બસ : કાલુપુરથી ૧૩૭, લાલદરવાજાથી ૭૧, ૭૧/૧

## ● અગત્યની બાબત ●

**હાલની પ્રવર્તમાન કોરોના મહામારી માટે સરકારશ્રી દ્વારા વખતોવખતના હુકમો તથા સૂચનો અનુસાર ઉત્સવ ઊજવવામાં આવશે. દરેક સ્વજને જવાબદારીપૂર્વક સ્વૈચ્છિક સામાજિક અંતર જાળવવું અતિઆવશ્યક છે.**

હરિ:ૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિ:ૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૪, અંક-૨ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૨૧

## આદર અને કદર

આપણને કોઈ મોટું ગણે, સારા ગણી સન્માન અને આદર આપે, ઉત્તમ કદર કરે, ઉત્તમ મોટા આસને બેસાડે તો આપણે એ અધિકારને પાત્ર નથી એમ સમજવું. પરંતુ સૌના કૃપાપાત્ર છીએ એમ જાણવું ને બધાંએ કૃપા કરીને એવો અધિકાર પ્રેમથી આપ્યો છે. એમ જાણી ગુનેગારની માફક ઘણો સંકોચ સેવવો અને ઈશ્વરનો આભાર માની સર્વની કૃપા યાચ્યા કરવી. સામાના ઉપકારનો બદલો વાળી ના શકાય એવું જ્યાં હોય ત્યાં ઘણી ઘણી હૃદયની આદરભક્તિ બુદ્ધિથી પ્રગટાવી પ્રગટાવીને જીવતી રાખ્યા કરવી. જો એમ નહીં કરીએ તો કૃતઘ્નતાનું મહાપાપ આપણને લાગવાનું છે તે નક્કી જાણશો. આપણે બધાંયે ઉપલી હકીકત ઘણી ઘણી જાગૃતિથી લક્ષમાં રાખવાની છે. કારણ કે આપણે તો ચેતનને અનુભવવા તૈયાર થયેલા છીએ. માટે કૃપા કરીને તે બાબતમાં ચેતતા થજો. પરમતત્ત્વને મેળવવાના ઉપાયોના જાણનાર કરતાં, એની પ્રાપ્તિના માર્ગમાં વિઘ્નોને યથાર્થ રીતે જાણનાર તે હામ ભીડીને એને પ્રભુકૃપાથી હઠાવનાર, ને ઉત્તમ ગણેલા છે. મનને ઉત્તમ ભાવનાવાળું સખત રાખ્યા કરવાનું છે. તે ઉચ્ચ ભાવનાવાળું એમ ને એમ તો રહી શકવાનું નથી. એને કાજે કોઈ સાધન જોઈશે. એ સાધનનો એકધાર્યો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ પ્રગટ્યા વિના તેવી ઉચ્ચ ભાવના તેવી રીતે પ્રગટી શકવાની છે ? માટે તે પ્રકારનો અભ્યાસ ઘણો ઘણો જરૂરી છે. અભ્યાસમાં હેતુનું જ્ઞાન પ્રગટ્યાં કરે તે પણ જરૂરનું છે. આપણને સ્વાર્થની જ્યારે ખૂબ તાલાવેલી પ્રગટેલી હોય છે ત્યારે આપણે જેમ સર્વનું સારું ખોટું સહન કરી લઈએ છીએ, તેમ પરમાર્થના વિષયમાં પણ પ્રતિકૂળતાઓ જે-જે પ્રગટે, તેને પ્રેમપૂર્વક સ્વીકારીને તપશ્ચર્યાભાવે સહી લઈને કોઈના પણ ગુણદોષ ન જોતાં સર્વને અનુકૂળતા કરી આપવી, તે પ્રભુની પ્રાપ્તિ થવામાં સાધનરૂપ છે.

*('જીવન મંથન' પૃ. ૩૪૪)*

**હરિ:ૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

હવે આપના દ્વારા સીધેસીધા આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT કે IMPS મારફત નાણાં મોકલી શકાશે.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

આશ્રમને ઑનલાઈન પેમેન્ટ કર્યા પછી તેની જાણ વ્હોટ્સએપ મેસેજથી નીચે જણાવેલ વ્હોટ્સએપ નંબર પર પૈસા મોકલનાર સ્વજનનું નામ, સરનામું (પીનકોડ સહિત), **મોબાઈલ નંબર તેમજ પાનકાર્ડ નંબર** પણ અચૂક દર્શાવશો કે જેથી મળેલ નાણાની પહોંચ ત્વરીત પાઠવી શકાય. **ઉપરોક્ત પદ્ધતિથી 'હરિ:ૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

**(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.) (પાન કાર્ડ નંબર અવશ્ય લખવો.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

www.hariomashram.in
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
પત્રવ્યવહાર/સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**સંપર્ક : ૭૮૭૮૦ ૪૬૨૮૮**

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.

**પ્રકાશન સ્થળ** : હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સમાજરૂપી દેવતાના ઉદ્‌ગાતા : શ્રીમોટા | ડૉ. ઉષા ખેર | ૫ |
| ૨. | અભિલાષા સાકાર કરો | પૂ. શ્રીમોટા | ૬ |
| ૩. | રૂઢિભંજક શ્રીમોટા | ડૉ. ઉષા ખેર | ૭ |
| ૪. | શ્રીમોટાનું કેળવણીલક્ષી ચિંતન | ડૉ. કૌશિક મહેતા | ૯ |
| ૫. | કુંડલિની | પૂ. શ્રીમોટા | ૧૧ |
| ૬. | ‘મોટા’ને ઓળખવાની શરતો કઈ ? | પૂ. શ્રીમોટા | ૧૪ |
| ૭. | કઠણ કાળમાંથી કેવી રીતે ઊગરીશું ? | પૂ. શ્રીમોટા | ૧૪ |
| ૮. | આકર્ષણ અને સંબંધ | સુશીલાબહેન અમીન | ૧૫ |
| ૯. | ‘‘મોટા’’ની શરત | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૧૫ |
| ૧૦. | શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ | રતિલાલ કે. મહેતા | ૧૬ |
| ૧૧. | નિંદાનું સૂક્ષ્મ રૂપ | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૧૯ |
| ૧૨. | જીવનકળા | પૂ. શ્રીમોટા | ૨૦ |
| ૧૩. | શ્રી નંદુભાઈનો જન્મ અને માતાપિતા | જીવન સાર્થકતાની કેડીએ (પૂર્વાર્ધ) | ૨૧ |
| ૧૪. | સદ્‌ગુરુ અને સંસારીજનો | પૂ. શ્રીમોટા | ૨૩ |
| ૧૫. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૪ |


## મોટા એટલે

‘‘આ કંઈ માટીનું પૂતળું નથી, પરંતુ ચેતનનું લાક્ષણિક અંગ છે.’’ એવી ભાવના જ્ઞાનપૂર્વક દઢાવી દઢાવીને એનું મનન, ચિંતવન જો થયાં કરે ને એ શક્તિ જો ઉપયોગમાં લીધા કરાય તો એની મદદ મળવાની જ છે એમ નક્કી જાણજે. એવા ચાર-પાંચવાર તને જો પ્રત્યક્ષ અનુભવ થાય તો એનામાં જો ચેતનશક્તિ હોય તો એની મદદ લેવાની કળાની ખબર તને હૃદયમાં આપોઆપ પડતી જવાની છે તે નક્કી જાણજે.

*(‘સંસારમાં વૃંદાવન’, પ્ર.આ., પૃ. ૯૫)*

# ૧. સમાજરૂપી દેવતાના ઉદ્‌ગાતા : શ્રીમોટા

- ડૉ. ઉષા ખેર

પાંચમી સપ્ટેમ્બર એટલે ભારત શિક્ષણ દિવસ. લેખક - ડૉ. ઉષા ખેરને ડૉક્ટરેટની પદવી **ગુજરાત રાજ્યમાં શિક્ષણક્ષેત્રે વિચારો, અમલીકરણ અને શૈક્ષણિક વિકાસમાં પૂજ્ય શ્રીમોટાનું પ્રદાન** ઉપરના મહાનિબંધથી પ્રાપ્ત થયેલ. એ શોધપ્રબંધનું સંપાદન કરીને **''શ્રીમોટાનું શિક્ષણદર્શન''** નામે ગ્રંથ પ્રકાશિત કર્યો. પૂજ્ય શ્રીમોટાએ **'મારે સમાજને બેઠો કરવો છે'**ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે સમાજલક્ષી જે યોજનાઓને અમલી બનાવી તેનું તાદશ્ય વર્ણન આ પુસ્તકમાં કરેલ છે. આ પુસ્તકમાંથી સમયાંતરે લેખ લઈને સ્વજનોને માહિતગાર કરવામાં આવશે. આ પુસ્તક દરેક માટે ખૂબ જ ઉપયોગી થશે કે જેથી બાળકોને સાચી કેળવણી આપી શકાય. **— માનદતંત્રીશ્રી**

શ્રીમોટા કહેતા કે **''સમાજ એ મારે માટે મોટો દેવ છે, ભગવાન છે.** સમાજ-મંદિરના નિર્માણ માટે કાંઈક કરો લ્યા ભાઈ !! મતલબ કે જેમ પિતૃઋણ, દેવઋણ, રાષ્ટ્રઋણ તેમ સમાજઋણ પણ ખરું. તેને ફેડવા માટે વ્યક્તિએ જીવનમાં થોડો સમય પણ ફાળવવો જોઈએ. કારણ વ્યક્તિ સમાજિક પ્રાણી હોઈ તેનો વિકાસ સમાજને આભારી છે. માટે સમાજના ઉત્કર્ષ માટે, સમાજમંદિરને રળિયામણું બનાવવા કાજે તેણે કાંઈક તો કરતા જ રહેવું જોઈએ.''

તેમના ગુરુ મહારાજે તેમને કહ્યું કે, 'ભઈલા ! તું તો બેઠો થયો છું. હવે તારે સમાજને પણ બેઠો કરવાનો છે.' ગુરુમહારાજના આ આદેશને શિરોધાર્ય કરી તે દિશામાં તેઓ શું વિચારવા માંડ્યા ? તે નીચે નોંધેલી પ્રવૃત્તિઓ જોતાં પાઠકને સમજાશે.

**સમાજને બેઠો કરવાના હેતુથી શ્રીમોટાએ નિમ્નલિખિત પ્રવૃત્તિઓ આદરી :**

- સમાજમાં ગુણ-ભાવના વિકાસ વિના સમાજ દોદળો રહે એ ઉચિત નથી જેથી ગુણભાવ વિકાસ માટે તેમણે સાહિત્ય સર્જન કર્યું અને કરાવ્યું.
- બાળકોના ચારિત્ર્ય વિકાસને ધ્યાનમાં રાખી સારાં પુસ્તકો, હરિઃૐ આશ્રમ પ્રેરિત ટ્રસ્ટો સ્વજનો દ્વારા પ્રકાશિત કરાવ્યાં અથવા તે માટે લેખકોને પ્રોત્સાહિત ઇનામો આપવાની યોજના બનાવી.
- વિદ્યાર્થીઓમાં તંદુરસ્તી, સાહસ, વારતા, ઔદાર્ય, કોઠાસૂઝ વિકસે તે માટે તરણ સ્પર્ધા, હોડી સ્પર્ધા, પર્વતારોહણ તેમજ વનાંચલ કે સાગર કાંઠે પદયાત્રાઓ માટે તેમને મદદ કરી પ્રોત્સાહિત કર્યા.
- ખાસ કરીને વીરતા ભર્યા કામ કરનારાઓને વીરતા સુવર્ણચંદ્રકો એનાયત થાય તેવી યોજના બનાવી.
- બહેનોની શક્તિ માટે તેમને માન હતું. તેમને માટે પણ અલગ સ્પર્ધાઓ પ્રયોજી તેમને પુરસ્કૃત કરવાની યોજનાઓ બનાવી. **'મહાજન-શક્તિદળ'**ની સ્થાપના વેગીલી બનાવી.
- કૃષિ, ઔષધવિજ્ઞાન, ટેક્નોલૉજી, વિજ્ઞાન આદિમાં મૌલિક સંશોધનો થતાં રહે તો સમાજ જ્ઞાન-વિજ્ઞાનની નવી શોધમાંથી લાભાન્વિત થાય તે સારું, તેમણે યુનિવર્સિટી કક્ષાનાં સંશોધન કરનારા સંશોધકોને પ્રોત્સાહિત કરવા યુ.જી.સી.ને (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને) મોટી રકમ આપી તેના વ્યાજમાંથી પુરસ્કારો અપાયા.
- જ્ઞાનગંગોત્રી, કિશોરભારતી, વિશ્વજ્ઞાનકોષ આદિ માટે પણ તેમણે ઉદારદાન યુનિવર્સિટીઓને તેમજ વિવિધ સંસ્થાઓને આપી વિદ્વાનો પાસે તે ગ્રંથો લખાવી પ્રકાશિત કરાવડાવ્યા.

- ગુજરાતના પછાત વિસ્તારોના દૂર-સુદૂરનાં ગામડાંમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બાંધવા કરોડો રૂપિયાનું દાન એટલા માટે કર્યું કે જેથી આદિવાસી તથા અન્ય બાળકોને ભણવાની એક મોટી સુવિધા પ્રાપ્ત થાય. જે એના વિકાસમાં નિમિત્ત બને.
- નદી તળાવના ઓવારા રિપેર કરાવવા મદદ કરી.

**'મારે સમાજને બેઠો કરવો છે'** એ મોટાનું લક્ષ્ય હતું તે નિમિત્ત કાર્ય પાર પાડવા માટે તેમણે ઊઠતાં, બેસતાં, જાગતાં અને ઊંઘતાં સુદ્ધાં આજ વિચારો કર્યા છે. ગુજરાતમાં એક એવું રત્ન પાક્યું કે જેણે સમાજ માટે આટલું બધું કર્યું. **શ્રીમોટા અલગારી સંત હતા. ગાંધીયન ચિંતનને નૂતન રચનાત્મકરૂપ આપનારા સંત હતા. જેથી તો તેમણે આદિવાસીઓ, પછાત ગામડાં, બહેનો, પ્રાથમિક શિક્ષણ, અંત્યજો તથા યુવકો-યુવતીઓ તેમજ બાળકોને કેન્દ્રમાં રાખી કામ કર્યું.**

આ કાર્યો માટે લોકોએ ખાસ તો તેમના સ્વજનસેવકોએ અને પ્રશંસકોએ તેમણે જ્યારે જ્યારે ટહેલ નાંખી ત્યારે ત્યારે ઉદાર હાથે ફાળો આપ્યો હતો. ઉત્સવોની ઉજવણી પાછળનો તેમનો એક ઉદ્દેશ્ય સમાજના કાર્યો માટે જ નાણાં એકત્રિત કરવા પૂરતો સિમિત હતો. **આમ હજારો બલ્કે લાખો નાના-મોટા લોકોની સહાયથી લોકકલ્યાણરૂપી ગોવર્ધન પર્વત પણ તોળવા માટે શ્રીમોટા શક્તિમાન બની શક્યા હતા. એક અકિંચન છોકરો આટલું બધું કાઠું કાઢશે, ગજું ધરાવશે એની તો કલ્પના પણ કોણે કરી હોય ? પુરુષાર્થી માણસ જીવનમાં શું ન કરી શકે ? તેનું તાદૃશ ઉદાહરણ મોટાએ પોતાના જીવન અને કવન (કાર્યો) દ્વારા સમાજ સમક્ષ પૂરું પાડ્યું છે.**

*('શ્રીમોટાનું શિક્ષણદર્શન' ૧લી આ., પૃ. ૩૦-૩૧)*

## ૨. અભિલાષા સાકાર કરો - પૂ. શ્રીમોટા

જીવનમાં આનંદ પ્રગટાવવો હોય તો મહત્ત્વાકાંક્ષા સેવવી જોઈએ. એટલું જ નહિ પણ એ મહત્વાકાંક્ષાને આકાર પમાડવા શું કરવું જોઈએ તેનો ખ્યાલ પણ આવવો જોઈએ. તેમજ એ માટે વિચારપૂર્વકની યોજના થવી જોઈએ અને એ પ્રમાણે તે જીવન વીતાવતો હોવો જોઈએ. આમ થાય તો જ તે માનવી અભિલાષા પૂર્ણ કરી શકે. ગમે તે પ્રકારની મહત્ત્વાકાંક્ષા હોય પણ તેને માટે જે જંપ રાખીને બેસતો નથી તેને આનંદ પ્રગટી શકવાનો છે. જે એકલી માત્ર અભિલાષા રાખે અને કાંઈ કશું કરે નહિ, તેમજ આડંબર રાખે તે અને નાનામાં નાના નિશ્ચયને પ્રગટાવી શકતો નથી એવો જીવ કયા પ્રકારની અભિલાષા પૂર્ણ કરી શકે ?

### નાનું ધ્યેય રાખો

તમારી સ્થિતિ સમજીને નાનું ધ્યેય પણ લો. તમારામાં જે પ્રકારના વિચાર, કામના ઈચ્છા ઊઠે છે, તેને સમજીને નાનું સરખું પણ ધ્યેય રાખો. તેને પ્રાપ્ત કરવા મથો. એમ કરતાં કરતાં પણ ધ્યેય ઊંચું થતું જશે. ભાવના તો પ્રકાશ આપનારી છે, હૈયાસૂઝ આપનારી છે. આપણે કોઈ પ્રવૃત્તિ કરવી હોય તો તે ધ્યેય રાખીને કરવી જોઈએ. તેને માટે થનગનતો ઉત્સાહ, દ્રઢતા, ખંત દર્શાવો. તેને માટે ફનાગીરીની તૈયારી, - જીવનને ન્યોછાવર કરવાની તાલાવેલી હોવી જોઈએ. આવું નહિ હોય તો નાના ધ્યેયને પણ પ્રાપ્ત નહિ કરી શકો. **નાનકડું ધ્યેય પણ પ્રાપ્ત કરવા અપાર ધીરજ અને થનગનતો ઉત્સાહ હોય તો ગુણ પણ કેળવી શકાય, ભાવનાપૂર્વક હૃદયના આનંદના ઉછાળા મારતી ભાવનાથી મથવું જોઈએ.**

### રસ એ જ જીવન

જેની અભિલાષાનો પ્રકાર ઊંચો હોય, તેને વિશેષ સહન કરવાનું હોય છે. એ માટે શૌર્ય, ઉદારતા, ધૈર્ય, સાહસ, હિંમત આદિ ગુણોનું ભાથું જોઈએ. તેવો જીવ અભિલાષાના માર્ગે જઈ શકે. તેના જીવનમાં આનંદ હોય છે. જેઓ એમ કહે છે કે 'અમને જીવનમાં રસ નથી,' તો એ વાત મુદ્દલ ખોટી છે. જેના જીવનમાંથી રસ ચાલ્યો જાય છે એનું જીવન જતું રહે છે. મનુષ્યજીવન આનંદ અને રસ માટે જ છે.

*('પ્રભુની ખોજ' બીજી આ., પૃ. ૩૮-૩૯)*

# ૩. રૂઢિભંજક શ્રીમોટા

- ડૉ. ઉષા ખેર

ઓગણીસમી સદીમાં ભારતમાં ક્રમશઃ સમાજ સુધારાનો પવન ફૂંકાવા લાગ્યો હતો. તે સદીના ઉત્તરાર્ધમાં તો જાણે સુધારાનો વંટોળ ન ફૂંકાયો હોય એવું જોવા મળે છે. રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદજી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહર્ષિ કર્વે, રાનડે પ્રભૃતિ મનીષીઓએ સામા પ્રવાહે ચાલીને શિક્ષણ, સમાજ અને ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો આણ્યાં. તે સોને તત્કાલીન રૂઢિચુસ્ત સમાજના ઠેકેદારોના સખ્ત વિરોધનો સામનો જીવનભર, જાનના જોખમે પણ કરવો પડ્યો હતો. એ તો સ્વાભાવિક જ છે કે સુધારની કેડી કંડારનાર અભિપ્સુએ સ્વજનોને પણ દુશ્મન બનાવવાં પડે છે.

શ્રીમોટાને પણ આવા જ અનુભવમાંથી પસાર થવું પડે છે. સમાજિક ચેતનાની આહલેક જગાવનાર માટેની પહેલી શરત એ છે કે તેણે રૂઢિભંજકનું બિરુદ મેળવતાં પહેલાં અનિચ્છાએ પણ વ્યાપ્ત અંધશ્રદ્ધા, વહેમો, કુરૂઢિઓ, પરાપૂર્વથી ચાલી આવતા રિવાજો, માન્યતાઓ આદિને તિલાંજલિ આપી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો જ પડે, અન્યથા સ્થગિતતા ઘર કરી જાય. સમાજની ગતિશીલતાને લૂણો લાગે.

નવા વિચારો અપનાવવા માટે માણસ પાસે દીર્ઘદૃષ્ટિ અને તે પર અમલ કરવા સારું તો ભારે નૈતિક હિંમતની જરૂર પડે છે. પ્રારંભમાં તો તે એકલોઅટૂલો પડી જાય છે. જો કે પછીથી તેને હમસફર દોસ્તો એ માર્ગે જરૂર મળી રહે છે ખરા ! **શ્રીમોટામાં નવા ચીલા ચાતરવાની મૌલિક તાકાત હતી. માટે જ તો તેઓશ્રી એક મહાન ક્રાંતદૃષ્ટા સમાજ-શિક્ષકનું કાર્ય આજીવન કરી શક્યા.**

મહાત્મા ગાંધીજી, કર્વે તેમજ મોતીભાઈ અમીન માફક શ્રીમોટા પણ ગતાનુગતિકતાના પૂજારી ન હતા. સમાજમાં ઘર કરી ગયેલી રૂઢિઓ, આગ્રહો તેમજ માન્યતાઓને ફગાવી દઈને એમણે નવી હવા આસાનીથી મળી રહે તેવા નૂતનમાર્ગનું અનુસરણ કર્યું. એમના જીવનવ્યવહારોને જોતાં જણાય છે કે શ્રીમોટા રૂઢિભંજક હતા. તેમના જીવનમાંથી જડેલા કેટલાક પ્રસંગોની અત્રે કરેલી નોંધનું અવલોકન કરતાં તેઓશ્રી મહાનરૂઢિભંજક હતા એવો ખ્યાલ અવશ્ય દઢિભૂત થશે જ. **તેઓશ્રી 'લકીર કે ફકીર'ની ચીલાચાલુ પ્રણાલીના ભંજક હતા તેના પુરાવા આ રહ્યા :—**

- સામાન્ય સાધુ, સમાજમાં ગુરુ શિષ્યોનાં ટોળાં ઊભાં કરવાનું પસંદ કરે છે, ત્યારે શ્રીમોટા કહેતા કે **'હું કોઈનોય ગુરુ નથી' આપણે પરસ્પર સ્વજન છીએ. આમ કહેવાથી ગુરુ-શિષ્ય પરંપરાના ભંજક બન્યા.**
- સાધુ તો ભગવાં જ ધારણ કરે એ માન્યતાને પરહરિને તેમણે ખાદીનાં સફેદ વસ્ત્રો જ, તે ય જેમ બને તેમ ઓછાં, સાદાં જ ધારણ કર્યાં, પણ મનને અવશ્ય ભગવા રંગે રંગ્યું.
- ધર્મ-કર્મકાંડમાં, આરતી-પૂજા કે દેવ-મંદિરમાં વા ધજા-યાત્રામાં નથી સમાયેલો, બલ્કે સાચા કર્મયોગીની માફક જે સમાજમાં સાધુ રહે છે તે સમાજનું માર્ગદર્શન કરી તેના સર્વદેશીય ઉત્કર્ષમાં રમમાણ રહે એ જરૂરી છે, જેવા ખ્યાલો પ્રચલિત કર્યાં.
- આશ્રમમાં પણ મંદિર-પૂજા જેવું કશું ના મળે પણ તેને સમાજને બેઠો કરનારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું.
- ઉત્સવો તેમજ આશ્રમમાં માલમલીદા નહીં બલ્કે સાદું ભોજન.
- સ્વર્ગ માટે, પ્રભુ પ્રાપ્તિ અર્થે સંસાર ત્યાગની ચીલાચાલુ વાતોનું ખંડન કરી **સંસારને જ વૃંદાવન બનાવવાની ગુરુ ચાવી બતાવવી.**
- **અન્ય સંતો - સાધુઓની જેમ 'સંસાર અસાર છે' એમ ન કહેતાં, જીવતાં આવડે તો સંસારમાં પણ સાર છે.** તે માટે સંસારી સ્વજનોના પ્રશ્નોમાં વ્યક્તિગત રસ લઈ તેમને માર્ગદર્શન આપતા.

'હું તો સાધુ મને તમારા પ્રશ્નોમાં શા માટે લપેટો છો ?' એવું ક્યારેય નથી કહ્યું.

- આંતર જ્ઞાતિય લગ્નોના હિમાયતી ડૉ. અચલાબહેન ગાંધીનું ઉદાહરણ તે જ પ્રમાણે નિરંજનાબેન વણિક પુત્રી હતાં, તેમનું લગ્ન મુકુલ કલાર્થી જેઓ હરિજન હતા, તેમની સાથે કરાવ્યું હતું.
- જીવનસાથીની પસંદગીમાં છોકરીનો મત પણ ધ્યાનમાં લેવો જોઈએ. બંનેની મુલાકાત થવી જોઈએ જેવી વાતોનો સ્વીકાર.
- લગ્નોના, સીમંતના તથા ઉત્તર ક્રિયાના એટલે કે બારમા-તેરમાંના તેમજ કર્મકાંડના ખોટા ખર્ચવાળા રિવાજોનો વિરોધ કરી, તેને ત્યજનારા.
- લગ્નવિધિ, વાસ્તુવિધિ, વગેરે સંસ્કૃતને બદલે ગુજરાતીમાં કરાવી પોતે જાતે તે કરાવતા અને યજમાનને જાતે જ સમજપૂર્વક કરવાનું કહેતા.
- **વિધવાના હાથે જ સુરત આશ્રમનો કુંભ મૂકાવી - વિધવા અપશુકનિયાળ છે જેવી કહેણી પર મેખ મારી.**
- માસિક ધર્મ એ તો શારીરિક ધર્મ, જૈવિક પ્રક્રિયા છે. તેને ધર્મ સાથે શી લેવા દેવા ? માટે જ તો માસિક ધર્મવાળી બહેનોને મૌનમંદિરમાં બેસાડી હરિસ્મરણ કરાવ્યું તથા માસિક ધર્મવાળી કન્યાનું કન્યાદાન પણ કરાવ્યું, તેમના હાથનું ભોજન પણ લીધું છે.
- જ્યોતિષ, મુહૂર્ત તથા શનિ-મંગળ આદિના જપ આદિમાં તેઓ કદિય નહોતા માનતા. જ્યારે એક સ્વજનને ઘરે એક ગોરમહારાજે કહ્યું કે, 'તમારે શનિના જાપ કરાવવા પડશે.' ત્યારે શ્રીમોટાએ સુણાવી દીધેલું કે, 'એ તો અમે અમારે કરી લેશું.'
- સમાજ વીરાંગના (વેશ્યાઓ)ઓને હેય દૃષ્ટિથી જોતો હોય છે, જ્યારે શ્રીમોટા તેમના પ્રતિ દયા-કરૂણા ભાવથી જોવાનું કહે છે. તેમની ચા પણ પીધી અને હરિજન ફાળા માટે તેમનાં નાણાં પણ મુંબઈમાં તેમના આવાસે જઈને મેળવ્યાં હતાં.
- સંત હોવા છતાં જાતીય શિક્ષણના પ્રખર હિમાયતી તેના આનુષાંગિક અનેક પાસાં પર વિચાર-વિમર્શ કરવાની ક્ષમતા અને હિંમત ધરાવતા હતા.
- દાન આપનારા પોતાનું નામ જોડવાનો આગ્રહ રાખે છે જ્યારે શ્રીમોટાએ સંસારના આ વણલખ્યા કાયદાને ઉવેખીને કરોડોનાં દાન કર્યાં. ક્યાંય પોતાનું નામ નથી જોડ્યું.
- પોતાને માટે ક્યારેય, ક્યાંય માગ્યું નથી. પરંતુ **સમાજને બેઠો કરવાના યજ્ઞ કાર્યમાં સ્વજનોને આહુતિ આપવા માટે જરૂર આગ્રહ રાખતા હતા.**
- કોઈ સંતે પોતાના સમકાલીન સંતને મોટા કરી દેખાડવા તેમના નામે દાન-ટ્રસ્ટોની રચના કરી હોય એવું સાંભળ્યું નથી. આ રિવાજનું ખંડન કરી શ્રીમોટાએ રંગ અવધૂત, શ્રી અરવિંદ ઇત્યાદિ નામે ટ્રસ્ટો બનાવી, દાન એકઠાં કરી, તેમના પ્રત્યેનો સમાદર અને પ્રેમ વ્યક્ત કર્યો. આટલું જ નહીં, હેમંતકુમાર નીલકંઠ જેવા શિષ્ય સ્વજનના નામે પણ ટ્રસ્ટ બનાવી તેમને મોટા કરી દેખાડવાની ઉદારતા તથા ગુણાનુરાગિતા પ્રદર્શિત કરી.
- આટલી બધી મોટી સિદ્ધિને અંતે પણ અહમ્ લેશમાત્ર નહિ, પણ નમ્રતા ભારોભાર. તે એટલે સુધી કે કોઈ ગધેડો કહે તો પણ સાંભળી લે.
- સાધુ તો દાઢી રાખે, દંડ રાખે, હાથમાં કે ગળામાં સદા માળા રાખે જેવા ખ્યાલોથી શ્રીમોટા પર હતા.

શ્રીમોટાની આવી આગવી મૌલિક નૈતિક તાકાતના બળે કરીને જ તો તેઓ નવા મૂલ્યોને પ્રસ્થાપિત કરી, નૂતનયુગના પુરસ્કર્તા તરીકે પંકાયા. એ સંદર્ભમાં એમ ખસૂસ કહી શકાય કે **તેઓ એક મહાન સમાજ-શિક્ષક તરીકે સમાજને બેઠો કરવાના ભગીરથ કાર્યમાં સફળ થયા છે.**

*('શ્રીમોટા શિક્ષણદર્શન' ૧લી આ., પૃ. ૨૩૦ થી ૨૩૩)*

# ૪. શ્રીમોટાનું કેળવણીલક્ષી ચિંતન

- ડૉ. કૌશિક મહેતા

શ્રીમોટાના કેળવણી વિષયક વિચારો, ઉદ્‌બોધનો, સ્વજનો સાથે થયેલા પત્રવ્યવહારોમાં તેમજ પૂ. શ્રીમોટાના પ્રકાશિત પુસ્તકોમાં વેરાયેલી રત્નકણિકાઓનું સંકલન કરી **"પૂ. શ્રીમોટાના શૈક્ષણિક વિચારો અને હરિઃૐ આશ્રમ ટ્રસ્ટનું કેળવણી ક્ષેત્રે પ્રદાન પર મહાનિબંધ"** શ્રી કૌશિકભાઈ મહેતાએ કુલ ૧૦૨ પુસ્તકોનો તલસ્પર્શી અભ્યાસ શિક્ષણના જુદા જુદા પાસાઓ અંગે 'દોહનકાર્ય' કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી ગુજરાતના શિક્ષણજગતમાં નવા અભિગમનો પરિચય કરાવ્યો.

**— માનદતંત્રીશ્રી**

'સમાજ' એ કોઈપણ દેશ માટે કરોડરજ્જુ છે. સમાજના આધાર ઉપર દેશ ઊભો રહેતો હોય છે, ટકતો હોય છે. પરિવર્તનશીલ યુગમાં એ જ, સંક્રાંતિની હવા સામે સક્ષમ રીતે ટકી શકે જેની પાસે ઘડાયેલો, કેળવાયેલો, સ્વાભિમાનયુક્ત, ચારિત્ર્યશીલ સમાજ હોય; એવો સક્ષમ સમાજ તૈયાર કરવો એ જ કેળવણીનો મુખ્ય હેતુ હોઈ શકે. **"મારે સમાજને બેઠો કરવો છે."** — શ્રીમોટાનો આ જીવનમંત્ર હતો. આ જીવનમંત્રની સાધના કાજે તેમણે સ્વયં ચિંતન કર્યું; પોતાની જાતને સાધનાપથ પર ચલાવી આકરી તપશ્ચર્યા કરી, અને ડગલે ને પગલે સંઘર્ષોમાંથી પસાર થઈ, પ્રાપ્ત થયેલા અનુભવોમાંથી તેઓએ દોહન કર્યું.

શ્રીમોટાએ કેળવણી સંબંધી પુસ્તકો, ગ્રંથો કે શાસ્ત્રોનું વાચન-અધ્યયન કે વિવેચન-કશું જ કર્યું નહોતું; પોતાના શરીરધારી જીવનમાં થોડાંક વર્ષો શિક્ષક તરીકેની કામગીરી બજાવી એટલું જ. પોતાના સાધનામય જીવનના આગવા અનુભવોમાંથી જાતે જ પોતાના શિક્ષક બની સ્વયંસૂઝ મેળવીને, કેળવીને પોતાનું ઘડતર કર્યું. **"સ્વ"ના ઘડતરથી "સમાજ"ના ઘડતર સુધી તેમની જીવનસાધના અખંડ રહી.**

ગાંધીજીના વ્યાપક પ્રભાવમાં હોવા છતાંય તેમનું કેળવણી સંબંધી ચિંતન આગવું રહ્યું છે. **"માત્ર ભણતર નહિ, પણ પૂર્ણ ઘડતર."** એ એમનું સરળ પણ સ્પષ્ટ ચિંતન રહ્યું છે. સાધકોને લખેલા તેમના પત્રો, તેમનાં લખેલાં પુસ્તકો, તેમની ગદ્ય-પદ્ય રચનાઓ, તેમની સાથે થયેલા વાર્તાલાપો તેમજ પ્રશ્નોત્તરી, સ્વજનોને આપેલ લેખિત કે મૌખિક માર્ગદર્શન, વગેરેમાં સાચા અર્થમાં **"જીવન"** જીવવા માટેના કેળવણીલક્ષી સંપૂર્ણ ચિંતનનાં દર્શન થાય છે.

સામાન્ય રીતે, **"અક્ષરજ્ઞાન"** અથવા પાઠ્યપુસ્તકના અથવા વિવિધ વિષયોના અભ્યાસક્રમના અધ્યયનને જ શિક્ષણ સમજી લેવામાં આવે છે. **માત્ર ડિગ્રી (પદવી) ધારી શિક્ષિત લોકોની સંખ્યા વધારવાથી સમાજ બેઠો ન થઈ શકે, પરંતુ કેળવાયેલા (ઘડાયેલા) લોકોના જીવન-પરિશ્રમથી જ સમાજ ઊભો થઈ શકશે. દીપથી દીપ જલે એમ જીવનથી જીવન ઘડાય તે દિશામાં શ્રીમોટાએ "શિક્ષણ"ને કેળવણીના વ્યાપક અર્થમાં લીધું છે.**

માતાના ગર્ભથી માંડી દેહત્યાગ સુધી કેળવણીની પ્રક્રિયા અવિરત ચાલતી આજીવન પ્રક્રિયા છે. **કેળવણીને કેવળ બૌદ્ધિક જ્ઞાનોપાર્જન ન માનતા જીવન-નિર્માણના વ્યાપક સ્વરૂપે સમજવું જોઈએ. માત્ર પુસ્તકિયું જ્ઞાન અધૂરું છે, માત્ર ચરિત્રઘડતર પણ અધૂરું છે. જ્ઞાન અને ચારિત્ર્ય વગરની સંસ્કૃતિ પણ અપૂર્ણ છે. માટે જ જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમથી જ સમાજ તીર્થરાજ પ્રયાગ બની શકશે. ટૂંકમાં, સંપૂર્ણ માનવજીવન કેળવણી છે અને કેળવણી જ જીવન છે.**

પ્રાથમિક શાળાના દફતરમાં નામ નોંધાવી શરૂ થતું અને યુનિવર્સિટીની સ્નાતક પદવી મેળવી સામાન્ય રીતે પૂર્ણ થતું શિક્ષણ એ શિક્ષણ નહિ, કેળવણી નહિ, પણ માત્ર ક્રમિક રીતે આગળ વધતો અભ્યાસક્રમ જ છે. કંઈક જાણવું અને મગજમાં સંઘરવું એ માત્ર માહિતી એકત્રીકરણ છે. કંઈક શીખવું એ માત્ર તાલીમ છે; કેળવણી નહિ.

**કેળવણી તો મનુષ્યના જીવનના વિકાસની પ્રણાલિ છે,** વ્યક્તિ દ્વારા પોતાની શક્તિઓના વિકાસ અને ઉન્નતિ માટે સભાનપૂર્ણ રીતે કરાતો પ્રયાસ એ કેળવણી છે, જે આજીવન ચાલુ જ રહે છે. **કેળવણીની શરૂઆત જ હોય; તેનો અંત ન હોઈ શકે. કેળવણી તો પેઢીઓથી પેઢીઓ સુધી, વર્ષોનાં વર્ષો સુધી ચાલતી સામાજિક સંક્રાંતિની પદ્ધતિ છે જે, જે તે કાળની વ્યક્તિઓ દ્વારા હાથ ધરાતી હોય છે.** કેળવણીનું કાર્ય વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વના નિર્માણનું છે.

જીવનમાં મળતો દરેક અનુભવ, દરેક પ્રસંગ અને દરેક વ્યવહાર કેળવણીલક્ષી છે તેવી આત્મસૂઝનું પ્રકટીકરણ કેળવણીની સાચી સમજ છે. જે કોઈ વ્યવહાર....

**૧. વ્યક્તિના જ્ઞાનના પરિઘને વિસ્તૃત બનાવે,**
**૨. ઈન્દ્રિયોની વૃત્તિઓને ઊર્ધ્વગતિ આપે,**
**૩. વ્યક્તિની ભાવના તેમજ લાગણીઓને સંવેદનશીલતા, તીવ્રતા અર્પે,**
**૪. વ્યક્તિની અંતઃદૃષ્ટિને ઊંડાણ આપે,**
**૫. વ્યક્તિના હૃદયને વિશાળતા આપે...**

**આ પ્રકારની તમામ ક્રિયા-પ્રક્રિયાને કેળવણી કહી શકાય.** એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે માનવજીવનમાં જે કંઈ સર્જિત થયેલું છે તે બધું કેળવણીનું જ સુ-ફળ છે.

સાચી કેળવણીનો પાયો સંકુચિત ન હોઈ શકે. **"સ્વ"માં સમાજ અને સમાજમાં "સ્વ"નો, સિંધુમાં બિન્દુ અને બિન્દુમાં સિંધુનો તેમજ વૃક્ષમાં બીજ અને બીજમાં વૃક્ષની ઊંડી સૂઝ એ જ સાચા અર્થમાં કેળવણીનું પ્રતિબિંબ છે.**

શ્રીમોટાએ પણ "કેળવણી"ના સ્થાને "ઘડતર" શબ્દનો ઉપયોગ કરી, કેળવણીની સમજ આપી છે. સમાજ જીવનનો પ્રવાહ કેળવણીના માધ્યમથી ગતિશીલ થઈને વિકાસ તરફ ગતિ કરે છે. **કેળવણી કે વ્યક્તિઘડતર દ્વારા જ ચારિત્ર્યનું નિર્માણ થાય છે; વ્યક્તિનું સામાજિકરણ થાય છે અને તે નરમાંથી નારાયણ બનવાનું બિરુદ પામવાને યોગ્ય બને છે.**

**વ્યક્તિનાં ચિંતન, સૂઝ, સમજ, કુશળતાઓ, ટેવો, ચારિત્ર્ય, વ્યક્તિત્વ, સંસ્કૃતિ તથા જીવન જીવવાની નાની બાબતો જેના પર આધારિત છે તે આધારનું નામ છે કેળવણી. કેળવણી જીવનની સાધના છે; જીવનનું સાક્ષાત્ સ્વરૂપ છે.** વ્યક્તિ અને સમાજના જીવનમાં જે કાંઈ વિકાસ થયો છે તે શિક્ષણ અર્થાત્ કેળવણી દ્વારા જ થયો છે. વ્યક્તિને સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે શરીર હોય છે. હાડ, માંસ, ચામડી અને કોષો દ્વારા બનેલું શરીર એ સ્થૂળ શરીર છે. બુદ્ધિ, મન, પંચ તત્ત્વો અને પાંચ ઈન્દ્રિયો અને આત્મા દ્વારા એમ તેર તત્ત્વોનું બનેલું શરીર સૂક્ષ્મ શરીર છે. સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર આ બંને પ્રકારના શરીરની ઊર્ધ્વગતિ તરફની વિકાસ યાત્રા એટલે કેળવણીની વ્યાપકતા.

**આમ, શાળામાંથી મળતું શિક્ષણ એ જીવનમાંથી મળતી કેળવણીનો એક માત્ર અંશ છે.** પ્રસ્તુત શિક્ષણને વૈધિક શિક્ષણ કહે છે. પરંતુ બાળક તેમજ મોટી ઉંમરની વ્યક્તિ પોતાની આસપાસના પર્યાવરણમાંથી-કુટુંબ, પાડોશ, મિત્રમંડળ, સમાજ, વગેરે- તેમજ પોતાને થતા સારા-નરસા અનુભવોમાંથી પણ કંઈકને કંઈક શીખે જ છે. આ અવૈધિક શિક્ષણ છે. કેળવણીમાં આ બંને પ્રકારનાં શિક્ષણનો સમાવેશ થાય છે.

**શ્રીમોટાએ તો સંસારને પાઠશાળા અને પ્રયોગશાળા કહી છે.** કેળવણીના આ વ્યાપક અર્થને ધ્યાનમાં રાખીને કેળવણીના વિવિધ મુદ્દાઓની વિગતે ચર્ચા હવે પછી કરવામાં આવી છે.

**શ્રીમોટાએ પોતાના શરીરજીવન દ્વારા "સ્વ", "સ્વજન", અને "સમાજ"ને ઊંડું માર્ગદર્શન આપ્યું છે.** એકાંતમાં સાધનાકાળ દરમિયાન પોતાને, મુલાકાતો કે સંપર્ક દરમિયાન સ્વજનોને અને ઉત્સવો કે મેળાવડાઓ દ્વારા સમાજને ઘણું ઘણું માર્ગદર્શન આપ્યું છે. તેમની આગવી છટાથી અને આગવી ચિંતનશૈલીથી લખાયેલા લેખો, પદ્યરચનાઓ, સ્વજનોને લખેલા પત્રો, સાધકોને લખેલા પત્રો, મૌનમંદિરમાં બેસતાં પહેલાં, મૌનમાં બેસનાર

સ્વજનો સમક્ષ આપેલાં પ્રવચનો, કેસેટમાં ટેપ કરેલી ટેપવાણી, એમની અનેક કુટુંબો સાથે થયેલી મુલાકાતો... વગેરે તમામ વિગતો પુસ્તકોમાં પ્રકટ થયેલી છે. શ્રીમોટા વિરચિત સંપાદિત થયેલાં અનેક પુસ્તકો હરિઃૐ આશ્રમ દ્વારા પ્રકાશિત થયેલાં છે, **શ્રીમોટાનું સાહિત્ય અનુભવની એરણ પર ચકાસાયેલું છે.** તેઓ જે વાણી બોલતા તે સરળ જરૂર હતી, સચોટ પણ હતી. તેમણે લખેલા પત્રોમાં જીવન ઘડતરના ક્રમિક અભ્યાસક્રમનાં દર્શન થાય છે. બાળકના જન્મથી માંડી અંત સુધી જીવન કેવું જીવવું જોઈએ તેનું સરળ માર્ગદર્શન તેમના સાહિત્યમાંથી જોવા મળે છે. **શરીરના જન્મ પછી શરીરની સામે જીવન પડ્યું હોય છે. આ જીવન વેડફાઈ ન જાય તે રીતે જીવનનું સંપૂર્ણ ઘડતર કરવાની વાત શ્રીમોટાએ કરી છે.** તેમના મોટા ભાગના પુસ્તકોનાં નામ ''જીવન..'' શબ્દથી શરૂ થાય છે. તેમાં શ્રીમોટાના જીવનના અનુભવોનું પ્રતિબિંબ જોવા મળે છે. શ્રીમોટાનું જીવન, સંઘર્ષ કરતાં કરતાં સમાધાનવાળું જોવા મળે છે. જીવન જીવતા જીવતા આવેલા વિચારો, વિચારોનું વ્યવહારુ અમલીકરણ અને અંતે તે વિચારોનું મૂલ્યાંકન... આવું પ્રાયોગિક રીતે પાર પાડેલું જીવન શ્રીમોટાનું જીવન છે. **જે વિચાર સફળ થઈ શકે તે વિચાર જ તેમણે કહ્યો છે. સમાજને સુધારવાની વાત છોડો, ''સ્વ''ને સુધારવાની વાત કરી છે. ''સ્વ'' દ્વારા 'સ્વ'નું સંચાલન; 'સ્વ' દ્વારા 'સ્વ'નું માર્ગદર્શન અને 'સ્વ' દ્વારા 'સ્વ'નું નિયંત્રણ કરવાની વાત શ્રીમોટાએ કરી છે. પોતાને જ પોતાનો ગુરુ માની પોતાના જીવનનું પૃથક્કરણ કરી સ્વયંભૂ માર્ગદર્શન મેળવી જીવનને વેધક બનાવવાની વાત કરી છે.** શ્રીમોટા વિરચિત પુસ્તકોમાં આ બધી જ વિગતો સ્પષ્ટપણે જોવા મળે છે.

અગાઉ જણાવ્યું છે તે મુજબ શ્રીમોટાએ કેળવણી સંબંધી એક પણ મૂળગ્રંથ ક્યારેય લખ્યો નથી. સાથે સાથે એ પણ કહેવું જ રહ્યું કે એક પણ પુસ્તકમાં કેળવણીનો ઉલ્લેખ ન હોય તેવું પણ જોવા મળતું નથી.

*('શ્રીમોટા અને શિક્ષણ' પૃ. ૨૧ થી ૨૬)*

## ૫. કુંડલિની - પૂ. શ્રીમોટા

**સ્વજન :** મોટા, આ કુંડલિની એ શું છે ?

**શ્રીમોટા :** અલ્યા, તેં એકડે એક તો, મારી હાહુના, ઘૂંટ્યો નથી. અમારી ચરોતરી ભાષામાં કહું છું કે મારી હાહુના, એકડે એક તો ઘૂંટ્યો નથી ને આ કુંડલિનીની વાત તું કંઈ લઈને આવ્યો ? આ તારા ઢેકા-બેકા બધા ભાંગી જશે. પહેલાં એકડે એક ઘૂંટ. આ બધા લઈ મંડે છે અક્કલ વગરના લોકો. આ મને તો એમ થાય છે કે આ ભણેલા-ગણેલા લોકોને અક્કલ કેમ નહિ હોય ! કે અલ્યા ભઈ, હૌ હૌ ને ઠેકાણે જે તે યોગ્ય હોય.

હજુ તારું મન તો ઠેકાણે રહેતું નથી, ચોવીસ કલાક તારા સંસારમાં ને સ્વાર્થમાં રચ્યોપચ્યો રહે છે. નર્યો-નર્યો અંદર તરતો રહ્યો છે ને આ કુંડલિનીની શી આ વાત તું કરે છે ? પણ હવે પ્રશ્ન પૂછ્યો છે, માટે જવાબ તો આપવો જ જોઈએ. પણ હું તો મારી રીતે આપું છું. મારી સમજણ સાચી છે એવો દાવો નથી, પણ ભગવાનની કૃપાથી આ જીવનમાં હું મથ્યો છું. બીજાની પેઠે હું કહેતો નથી કે હિમાલયની ગુફામાંથી આવીને વાત કરતો હોઉં તો તમે એને શી રીતે સમજી શકવાના છો કે આ માણસ સાચું કહે છે કે ખોટું ?

ભગવાનની કૃપાથી આ સંસારમાં રહીને – એની કૃપાથી એના આશીર્વાદથી મારા ગુરુમહારાજની શક્તિથી, જે સાધન થઈ શક્યું છે. જે અભ્યાસ થયો છે અને ભારે તપશ્ચર્યા થયેલી છે એમાંથી જે સમજણ ઊગી છે એના આધારે આ વાત કહું છું. બીજા શું કહે છે ? એનું ખરું છે કે ખોટું છે ? એ હું કહેવાનો નથી. એ મારું કામ નથી કે ફલાણા મહાત્મા તો આવું કહે છે. એ કહેતા હોય તો જાવ એમની પાસે.

મને જે સમજણ પડી છે તે કહું છું કે કુંડલિની નામની શક્તિ છે એ વાત સાચી છે. પણ આ જે સાધનાનો એક વિકાસક્રમ છે, એમાં ઉચ્ચતર-ભૂમિકાઓમાં-ઉચ્ચતર અને ઉચ્ચતમ, એવી

ભૂમિકાઓમાં આગળ જતાં જતાં આપણી અંદર અસુરો રહેલા છે, એ અસુરો સૂક્ષ્મ છે - કામ ક્રોધાદિક. એને ગીતાએ પણ શત્રુ ગણેલા છે. આ સ્થૂળ શત્રુ જીતવા બહુ સરળ, પરંતુ એ ઉચ્ચતર ભૂમિકાઓમાં એમનું જ્યારે સૂક્ષ્મ સ્વરૂપ પ્રગટે - દાખલા તરીકે હું તમને સમજાવવાને માટે કહું છું કે આ બધી ભૂમિકાઓમાં - એ ભૂમિકાઓમાં શબ્દ - "શબ્દ" એવો સંભળાય કે એટલો મધુર કે આ દુનિયાભરનું કોઈ સંગીત એની તોલે ન આવી શકે. એના એ સંગીતમાં તમે ગુલતાન થઈ જાવ. મધમાં માખી ડૂબી જાય તેમ ડૂબી જાવ. આપણી કોઈ શક્તિ નથી કે એમાંથી ઊંચા આવી શકીએ એવી રીતે આ જે પાંચેય છે : શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ. જે સુવાસ પણ એવી રીતે આવે છે કે તમારું મન ડૂબી જાય. એ પણ ભારેમાં ભારે. સ્થૂળ-કામક્રોધાદિક જીતવા એ તો સરળ છે, પણ આ જે સૂક્ષ્મ પ્રકાર છે એને જીતવા બહુ મુશ્કેલ છે. એને માટે દૈવી શક્તિની જરૂર. એ દૈવીશક્તિ એ જ "કુંડલિની." પણ એ ભૂમિકાએ પહોંચો ત્યારે, પણ આ તો મારા બેટા આજકાલ લઈ મંડેલા છે અને મારા જેવો કોઈ લેભાગુ કહે તો સાચી વાત માનશો નહિ, સાહેબ. અનુભવથી હું તમને કહું છું - એ શક્તિ છે ખરી. એનું નામ દૈવીશક્તિ — 'કુંડલિની' પાડ્યું તો ભલે. કારણ કે એટલા માટે કુંડલિની એ પણ સમજણ પડે — એ પ્રતીક છે.

ગૂંચળું વળીને છાનીમાની પડી રહેલી છે. અત્યારની આપણી સ્થિતિમાં એ કામ નથી કરતી; છે તો ખરી, આપણાં બધામાં છે. પણ જરૂર પડે ત્યારે ખપમાં લાગે છે. આ આગના બંબાઓ આપણે રાખીએ છીએ; આગ લાગે ત્યારે ખપમાં લાગે છે, એમ ને એમ નહિ સાહેબ. આ તો રીહર્સલ કરે, પણ આ શક્તિ આપણામાં કોઈ રીહર્સલ કરતી નથી.

આપણા જીવનમાં એ ઉચ્ચતર ભૂમિકાઓમાં આવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂમિકાઓમાં જ્યારે આવો શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ, આવા જ્યારે સૂક્ષ્મ પ્રકારમાં આપણે જઈએ અને આ સ્પર્શ તો એવા પ્રકારનો સાહેબ કે કઠણમાં કઠણ આ ઝાડ છે સામે. એનું થડ હોય, તો કેટલું કઠણ છે, બરછટ છે, પણ એ જ્યારે આપણી ભૂમિકામાં સ્પર્શનો વિકાસ થયેલો હોય ત્યારે સાહેબ, તેને બાથ ભરો, બાથ ભરાય. આ કલ્પનાની વાત નથી; અનુભવની વાત છે, સાહેબ.. એને બાથ ભરીને તમે વળગી રહો, એટલો કોમળ કે એ કોમળતાની સાથે આ જગતની ફૂલની કોમળતા પણ એની તોલે નહિ આવી શકે. આવા કાળે આ કુંડલિનીની જરૂર છે.

એ શક્તિ જાગ્રત ક્યારે થાય ? કામક્રોધાદિમાંથી, જીવદશામાંથી તમે હઠી જાવ અને ભાવનાની અખંડતા પ્રગટી હોય. એ ભાવનાની અખંડતા પ્રગટ્યા પછી, તો આમ કામક્રોધાદિક એ એનું રૂપાંતર થવાની પ્રક્રિયા શરૂ થાય છે — અખંડતા થયા પછીથી. **મારા પોતાના સાધનાના અભ્યાસથી, હું ભગવાનની કૃપાથી, મારા ગુરુમહારાજના આશીર્વાદથી કહું છું કે, "સ્મરણ અખંડ થાય તે પછી ભાવના જાગે. એ ભાવના અખંડ થયા પછી ભાવનાની ગાઢતા થાય. એ ભાવનાની ગાઢતા અખંડ થયા પછી ભાવ જાગે છે. એ સ્થિતિમાં આ કુંડલિની શક્તિ જાગ્રત થાય છે.**

કોઈ એક ભાઈએ મને વડોદરામાં કહ્યું કે-આ માટે ચોપડી આવી છે એક. એમાં કહે છે ને મારા ગુરુમહારાજ એ કરી શકે છે. મેં કહ્યું કે, 'જા તારા ગુરુમહારાજ પાસે, ભાઈ' પણ એમ ને એમ ભઈ મહેનત કર્યા વિના રળવા જશો તો ખત્તા ખાશો. "તપ વિના સિદ્ધિ નથી" આગળ આપણા લોકો કહી ગયા છે, સાહેબ. જાતે મહેનત કર્યા સિવાય આ બધું પામી જવાનાં વલખાં છે. જેમ લોટરીની અંદર લોકો પૈસા ભર ભર કરે છે. ઝટ પૈસાદાર થઈ જવાય એ નિમિત્તે. કોક થઈ જાય ખરા, ના નથી મારી. પણ કુંડલિનીની આપણામાં શક્તિ ટકવાને માટે, એ કાર્ય કરતી થાય, અને યોગ્ય દિશામાં કાર્ય કરતી થાય, એને માટે ભૂમિકાની બહુ જરૂર છે. આ

મારી પોતાની સમજણ છે. ભૂમિકા વિના કાંઈપણ મળેલું ટકશે નહીં. આ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો નહિ ટકે. બિલકુલ નહિ ટકે અને 'જીવદશા'માં પણ ભૂમિકા વિના ટકતું નથી.

ઘણાં માણસોને પૂછી જોજો સાહેબ, બહુ છકી જાય છે. એવા મેં તો જોયેલા છે. એવી રીતે આ કુંડલિની શક્તિ છે. ભાઈ, છે તો ખરી પણ એને માટેની યોગ્ય ભૂમિકા વિના એ પ્રાપ્ત થતી નથી, અને હું કહું છું કે એને માટે કોઈની જરૂર નથી. આપમેળે તમારામાં જાગૃત થાય એવી આ શક્તિ છે; એ ભૂમિકાએ પહોંચી જાવ, અને કોઈપણ અનુભવી પુરુષ લાયકાત વિના કાંઈ કશું આપતો હોતો નથી– એ પણ મારા અનુભવની હકીકત કહું છું. કદી કાળ, લાયકાત વિના આપે જ નહિ. આપે તો મારા જેવો મૂર્ખો હોય તે આપે. કારણ કે મારે પૈસાની પડી છે ને સારાં કામો કરવાનો શોખ છે મને; એટલે કદાચ આવું આ કરી બેસું ખરો. પણ કર્યું નથી હોં, મારા ગુરુ મહારાજનો દંડો મારી સામે છે. એ દંડો મારી આંખ સામેથી ખસતો નથી સાહેબ. સદાય મને ચેતવેલો રાખે છે. એટલે આ કુંડલિની શક્તિની વાતો આજકાલ બહુ થશે. પણ આ પ્રશ્ન પૂછનારને મારી પહેલી પ્રાર્થના છે કે એકડો ઘૂંટો પહેલાં. આ ચોવીસ કલાક સ્વાર્થમાં રચ્યોપચ્યો રહે છે. એમાંથી કેટલા કલાક તું ભગવાનની ભાવનામાં રહે છે ? વિચાર કર. જાતે પોતે અને તું જે લેવા માગે છે તે તો કાચો પારો છે, બાપા ! કાચો પારો, પચે નહિ સાહેબ. છેરી નાખે એવો. એનાથી ઘણું નુકસાન થાય. કોઈ વૈદને પૂછી જોજો. કદાચ એની માત્રામાં એની ભસ્મ બનાવે છે. પણ જો કાચો રહ્યો હોય તોય નુકસાન કરે એવી રીતે તમે લાયકાત કેળવ્યા સિવાય, આ ભગવાનના માર્ગે કંઈ કશાની ઇચ્છા કરશો નહિ, ભાઈ, કંઈ કશું તમારે પામવું હોય તો જાતે મહેનત કરો, સાહેબ. અને અમે કહીએ છીએ– ''ગુરુની જરૂર નથી'', ગુરુ તો અંદર બેઠેલો છે. પણ આજે ''ગુરુ'' કોઈ જડવા સહેલ નથી, ભાઈ. આપણી યોગ્યતા પ્રાપ્ત થશે તો આપમેળે આવશે, સાહેબ. એ ગુરુ આવ્યા વગર નહીં રહે. તદ્દન સાચી વાત છે. માટે બહુ મેળવવાની વાત છોડી દો. પૈ, પૈથી રળીને વેપારીઓ મોટા લક્ષાધિપતિ થયેલા છે. દોરી ને લોટો લઈને મુંબઈમાં ગયેલા ઘણા લોકો આજે પણ હશે. પણ મહેનત કરીને રળ્યા છે. મહેનત કર્યા સિવાય કાંઈ કશું મળી શકતું નથી. કદાચ એમ ને એમ લોટરી મળે તો મળી જાય. પણ આ માર્ગમાં નહિ મળે, સાહેબ, બિલકુલ નહિ લાગે તદ્દન સાચી વાત હું કહું છું. બીજા ગમે તે કહેતા હોય. એ ભલે કહેતા હોય. મારા **ગુરુમહારાજે કહ્યું છે કે 'સમાજમાં બધા મળે તેને સાચી વાત કહેજે. કોઈ લોભામણી વાત કરતો નહિ.'** એટલે હું તો કહું છું ભાઈ, કે આ માર્ગ તપશ્ચર્યાનો છે. અને સહેલાઈથી, કરવું હોય તો ભગવાનનું સ્મરણ ઉત્તમ છે, પણ તમે જાણો કે **હું અગિયાર માળા કરું, પાંચ માળા કરું. અડધો કલાક બેસું-એટલાથી કાંઈ પત્તો ખાય નહિ. ચોવીસ કલાક તમારે સ્વાર્થમાં ગાળવા છે અને પા કલાક ભગવાનને આપવો છે અને એમાંથી તમારે ફળ મેળવવું છે; એ અમારો ભગવાન છેતરાય એવો નથી હોં ભઈ, એ ભોળવાઈ જાય એવો નથી, એ તો પાકો માણસ.**

અત્યારે ઉચ્ચતમ ભૂમિકા-સાધનાના ઉચ્ચતમ ક્ષેત્રોમાં ઉચ્ચ ભૂમિકા યોગ્ય પ્રકારની કેળવાયા સિવાય, ભગવાનની શક્તિ આપણી અંદર ઠરી શકતી નથી. તે કાળે આ કુંડલિનીની જરૂર છે. એવા દૈવાસુર સંગ્રામ જામે છે, ત્યારે એ દૈવાસુર સંગ્રામમાં સાહેબ, પુરાણની વાત સાંભળો. મને તો એ પ્રતીક લાગે છે. દેવો ઘણીવાર હારી જાય છે. અલ્યા ! પણ દેવો હારી જાય ? કે' હા, હારી જાય ! દેવો હારીને વિષ્ણુ ભગવાન પાસે જાય. વિષ્ણુ ભગવાન પાસે જઈને એને પ્રાર્થના કરે છે, અને દૈવી શક્તિ મેળવીને અસુરોને હરાવે છે. આ બનેલી હકીકત છે સાહેબ.

*('ધર્મ અને સમાજ' બીજી આવૃત્તિ, પૃ. ૨૨ થી ૨૮)*

તેં લખ્યું છે કે, 'મોટાને હજુ હું ઓળખી શકી નથી.' પરંતુ જ્યારે આપણને કોઈ બીજા જીવાત્માને વિશે હૃદયની લગની લાગે છે ત્યારે તે ઓળખવાની ખટપટમાં પણ પડતો નથી. એ તો આપોઆપ તે વેળા તેનામાં પ્રવેશી જાય છે. જેને આપણે જાણવું છે, સમજવું છે ને અનુભવવું છે એ તો આપણી પોતાની અંદર રહેલું જ ચેતન છે. તે ચેતનને ભજવાને કાજે આપણી પોતાની પ્રકૃતિ પરનો વિજય એ એક મોટામાં મોટી અનિવાર્ય શરત છે, અને તે સાધના વિના શક્ય નથી. જીવની તેવા પ્રકારની ઉત્કટ જિજ્ઞાસા તે તેમાં હકીકતના પાયારૂપ છે. તેવી જિજ્ઞાસા વિના તે માર્ગમાં પ્રવેશ લગભગ અશક્ય છે. જિજ્ઞાસાની સાથે જિજ્ઞાસાના માર્ગ પરત્વે પુરુષાર્થ કરવા માટેનો અદમ્ય ઉત્સાહ અને હૃદયનું બળ સાથેસાથે સાધકે પ્રયત્ન કરી કરીને, વારંવાર જગાડીને, પોતે સજીવન કર્યા કરવાનાં છે.

**તો પછી એમ સવાલ થાય કે ગુરુનો શો અર્થ ?**

ગુરુનો અર્થ તો તે આપણને માર્ગની દિશા ને ગતિ સૂચવે. આપણને વારંવાર સમજાવે અને અંતરની પ્રેમભક્તિને, હૃદય તદાકાર થયું હોય તો, તેની ચેતના-શક્તિનો પણ સંપર્ક થતાં તેનાથી થતા અનુભવ વડે આપણે માર્ગમાં સુદૃઢ થઈ શકીએ.

**સાધના માટેની પાયાની હકીકતો કહો ને !**

ઉત્કટ જિજ્ઞાસા એ પહેલી હકીકત. બીજી હકીકત સદ્‌ગુરુ. ત્રીજી હકીકત છે આપણા પોતાનાં ચકોર અને મુક્ત થતાં જતાં બુદ્ધિ અને ભાવ.

સાધકની 'મુક્ત થતી જતી બુદ્ધિ' એટલે શું ? એમ પ્રશ્ન થાય.

બુદ્ધિ બે પ્રકારની છે. એક બુદ્ધિ તો અનેક પ્રકારની સમજણો, ટેવો-કુટેવોથી યુક્ત અને અનેક જાતનાં પાસાંથી રંગાયેલી. એ તદ્દન જીવ પ્રકારની નિમ્ન (અધોગામી) પ્રકારની બુદ્ધિ છે. બીજા પ્રકારની બુદ્ધિ, જેમાં સદ્-અસદ્‌નો વિવેક જાગેલો છે. અને જેનો જુદી જુદી અનેક પ્રકારોની સમજણમાંથી છૂટકારો થતો જાય છે એવી બુદ્ધિ. એ બીજા પ્રકારની બુદ્ધિ આ માર્ગમાં ઉપયોગની છે. પહેલા પ્રકારની બુદ્ધિ જીવને આ માર્ગમાં ઘણી નડતરરૂપ છે.

**અધોગામી બુદ્ધિ કેવી રીતે બદલાય ?**

**જિજ્ઞાસાની સાથે તેનો સંકલ્પ જો દૃઢ હોય અને મરણિયા નિર્ધારવાળો હોય તો તે આપણને જગાડ્યા અને ઉઠાડ્યા વિના રહેવા દેતો નથી.** એટલે આપણે આપણા વિચારબળને હજી ઘણું ઘણું કેળવવાનું છે. આપણું વિચારબળ એક જ પ્રકારની દિશામાં ને ગતિમાં સતત મનનચિંત્વનવાળું રહ્યાં કરે ને તે ભાવનું ઉદ્દીપન રહ્યાં કરે અને એનાં તેવાં જ વર્તનઅમલ થયાં કરે, તો નિમ્ન પ્રકારની બુદ્ધિ જરૂર હઠવા માંડે, અને આપણા પુરુષાર્થમાં આપણને રસ જામવા માંડે.

*('જીવનની અમીરેખા' ૧લી આ., પૃ. ૧૮ થી ૨૦)*

## ૭. કઠણ કાળમાંથી કેવી રીતે ઊગરીશું ?

આ પ્રપંચકાળમાંથી ઊગરવાનું સાધન જ્ઞાનભક્તિપૂર્વકનું ભગવાનનું સ્મરણ છે. એનાથી ભાવના પ્રગટે છે. સાથે સાથે રાગદ્વેષ મોળા પાડવાનું કરીએ તો કાળ નહિ નડે. મહાભારતનું યુદ્ધ એ કઠણ કાળ હતો. અર્જુનને એ નડેલો. અને ગભરામણ પણ થઈ હતી. એમણે ભગવાન શ્રીકૃષ્ણને રથ સોંપ્યો. ભગવાન શ્રીકૃષ્ણે રાગદ્વેષ મોળા પાડવાનું કહ્યું. કઠણ કાળ આવે ત્યારે લોકો દાન કરતા અને અનુષ્ઠાન કરતા. તમે અનુષ્ઠાન કરો. રાગદ્વેષ મોળા પાડો. **પ્રથમ બીજાનું સારું તાકો તો કઠણ કાળ નડી શકવાનો નથી.** બીજાને નડે, પણ તમને નહિ નડે.બધાય ગ્રહોની યુતિ થવાની હશે ત્યારે થશે. અલ્યા, તું શા માટે ગભરાય છે ? તારી પાપવૃત્તિ ગભરાય છે. એવું લાગે તો બીજાને સુખ આપવાનો વિચાર કર. સંસારવ્યહારમાં પણ આ જરૂરનું છે.

*('પ્રભુની ખોજ' બીજી આ., પૃ. ૫૦)*

## ૮. આકર્ષણ અને સંબંધ

- સંપાદિકા : સુશીલાબહેન અમીન

સારા વિશ્વમાં જે દ્વૈત છે તેને કારણે આકર્ષણ ઉત્પન્ન થાય છે, તેમાં એક બાજુ આરોહણ છે અને બીજી બાજુ અવતરણ છે. સ્ત્રીપુરુષનું દ્વૈત પણ ચેતનના અનુભવ કાજે છે. પુરુષ સ્ત્રીના સંયોગે, પુરુષ સર્જન કાર્યમાં ગૌણ ભાવે રહીને સ્ત્રીની સર્જનશક્તિને સક્રિય બનાવે છે. સર્જનના પરિણામમાં જે મહત્ત્વ પુરુષનું છે તે સ્થાન માનવસર્જનમાં સ્ત્રીશક્તિનું છે. પુરુષ સ્ત્રી પાસેથી માત્ર સેવાનો આનંદ નથી માગતો, પરંતુ તે તો સ્ત્રીના હૃદયની પ્રેરણાથી સંતોષાવા માગે છે. ગૃહવ્યવસ્થામાં જ્યાં સૌંદર્ય પ્રકટેલું છે. શાંતિ, સમતાવાળું અને પ્રસન્નતાવાળું વાતાવરણ છે, જ્યાં યોગ્ય પ્રકારની સુવ્યવસ્થા પ્રગટેલી છે, જ્યાં જે તે બધું યોગ્ય સ્થાને છે, જે જોતાં દિલ અને આંખ ઠરે છે. એવી કળા જે સ્ત્રીજીવનમાં પ્રકટેલી છે, ત્યાં પુરુષનું દિલ પણ ઠરી શકે છે. સ્ત્રી હૃદય માગે છે દિલ અને પ્રેમની સમર્પણની સંપૂર્ણ ભાવના. બન્ને એકત્વને કાજે છે.

રૂપ તથા ગુણ પુરુષ અને સ્ત્રી બન્નેમાં હોય છે. રૂપ અને ગુણ ઉપરાંત ત્રીજી શક્તિ એ એની વ્યવસ્થિતિનો સ્વભાવ છે. રૂપ, ગુણ અને વ્યવસ્થિતિ એ ત્રણે પરસ્પર સ્ત્રીપુરુષને પ્રેરે છે. જીવનમાં તે બધું સૂક્ષ્મપણે બન્યા કરતું હોય છે. એટલે પ્રત્યેક સ્ત્રીપુરુષના આકર્ષણને જીવતું રાખી શકવું હોય તો ગુણ, વ્યવસ્થિતિ અને રૂપની આવશ્યકતા છે. અહીં રૂપ એટલે માત્ર શરીર એકલાનું રૂપ ગણવાનું નથી, પરંતુ રૂપની સમગ્રતા લેખવાની છે. મનાદિકરણમાં જે ઉચ્ચ પ્રકારની સમૃદ્ધિ અને સંસ્કૃતિ પ્રકટેલી છે તે જીવનસંસ્કારની ખીલી ઊઠેલી ભાવનાને પણ રૂપ ગણાય છે. એવું રૂપ જીવનને વિકસાવવાને અગત્યનું છે. જીવનની આમૂલાગ્ર સંસ્કૃતિ જેનાથી કરીને પ્રકટે છે, જેનાથી કરીને જીવનનું સંશોધન કરવાને પ્રેરાયા જવાય છે, જેનાથી કરીને એ સત્ત્વની શક્તિ તત્ત્વમાં પરિણામ પામે છે, જેનાથી કરીને એ તત્ત્વમાંથી ચેતનશક્તિનો અનુભવ પમાય છે, તે છે રૂપ, તે રૂપ નિર્વિકારી છે. તે રૂપ સ્થૂળ નથી. એવા રૂપમાં ગુણ ને શક્તિ બન્ને સહજમેળે પ્રકટેલાં રહેલાં છે. તે રૂપ માત્ર ભાવના નથી. તે રૂપ તો નિર્ગુણ, નિરાકાર તત્ત્વનું લક્ષણ છે. તે રૂપથી તો સમગ્ર વિશ્વ આકર્ષાય છે. રૂપ તો પરમ મંગળમયી શક્તિ છે. એની શક્તિ-મહત્તા પ્રબળ હોય છે.

*('નારીજીવન-ધન્યજીવન' પ્ર.આ., પૃ. ૭૧-૭૨)*

## ૯. ''મોટા''ની શરત

- ડૉ. રમેશ મ. ભટ્ટ

કોકને થશે કે મોટા પહેલાં તો બહુ બોલતા નહોતા, પણ હવે તો બહુ ઝાડે છે. પહેલાં તો હું પરિચય કેળવતો હતો. મેં તો લોકોની વચ્ચે રહીને ભગવાનની ભક્તિ કરી છે. તમે બધાં મળેલાં છો તો તમે ઊંચા આવો એમાં મારો સ્વાર્થ છે. મારે મારી શક્તિ વેડફી નાંખવી નથી. ભાવનાથી ઊંચે આવવાનું કરો તો સંબંધ રાખવો છે. આ તો **''અમે કહીએ ત્યારે તમે ખપમાં આવો, પણ તમે કહો ત્યારે હું ખપમાં નહિ લાગું'' આવા એકમાર્ગી વ્યવહારની અમારે જરૂર નથી. તમે ઊંચા આવો તો અમે તમને ભગવાનની કૃપાથી મદદ કરી શકીએ. પણ ખરડાયેલા રહો તો મારે સંબંધની જરૂર નથી.** અમારો ભગવાન અમને મદદ કરશે.

### 'મોટા'નો સમર્પણ યજ્ઞ

અમારે કશો સ્વાર્થ નથી. માત્ર તમારા ખપમાં આવવું છે, પણ અમારે પ્રયત્ન કરવો પડશે. અમે તો અમારું જીવન સર્વસ્વ રીતે અને સર્વભાવે કરીને આપી દીધું છે; છતાં અહર્નિશ એમ લાગ્યા કરે છે કે ભગવાનને આપ્યા કરીએ. સમર્પણનો ક્યારેય અંત નથી. મને આટલાથી સંતોષ નથી. તમારી પાસે પણ સમર્પણ કરાવી-કરાવીને ભગવાનના ચરણકમળે તમારી ભેટ આપવાની છે. એમ થાય તો અમારું જીવન સફળ થાય.

*('મૌનમંદિરનો મર્મ' ૧લી આ., પૃ. ૧૮-૧૯)*

**ચાચાજી**

શ્રી ગુરુદયાળ મલ્લિક જેઓ 'ચાચાજી' નામે લોકપ્રિય હતા તેમને શ્રીમોટા કરાંચીમાં મળેલા. તે પછી તેમને તેમની સાથે અવારનવાર મળવાનું થતું ને સત્સંગ કરતા. શ્રીમોટા શાંતિનિકેતન ગયેલા ત્યારે ચાચાજી ત્યાં પ્રોફેસર તરીકે કામ કરતા હતા. તેમના પ્રેમાળ સ્વભાવને લીધે બધા તેમને 'ચાચાજી' કહેતા.

ચાચાજી અમદાવાદ આવે ત્યારે ગાંધી આશ્રમમાં (સાબરમતી) ઊતરે ને શ્રીમોટાને મળ્યા વિના ન રહે. એક વાર શ્રીમોટાને ગૂમડું થયેલું. ચાચાજીએ તે જોયું. ગુદા ઉપર ગૂમડું બોર જેવડું થયેલું. બીજા દિવસે ચાચાજી શ્રીમોટા પાસે ગયા ને ગૂમડાની હાલત વિશે પૂછ્યું. ત્યારે શ્રીમોટાએ તેમને તે જોવાને કહ્યું. ચાચાજીએ જોયું. ગૂમડું હવે લીંબુ જેવડું થયું હતું. ચાચાજી કાંઈ બોલ્યા નહિ. એ રીતે ત્રીજા ને ચોથા દિવસે ગૂમડું મોટું થતું ગયેલું. કોઈ કે શ્રીમોટાને ગૂમડાનો ઈલાજ કરવા સૂચવ્યું. શ્રીમોટા કહે કે કાલે નહિ શમે તો જોઈશું.

અને ખરેખર પછીના દિવસે ગૂમડું બેસી ગયું હતું. ચાચાજી પૂછે કે 'મોટા, ગૂમડું ક્યાં ગયું ?' 'જેમ આવ્યું હતું તેમ ચાલ્યું ગયું', શ્રીમોટાએ કહ્યું.

તે રાતે ચાચાજીએ એમના પ્રેમીજનોને કહ્યું : તમારે ત્યાં કોણ બેઠો છે એની તમને ખબર નથી. એ તો અવધૂત છે, અવધૂત ! અવધૂતને બરાબર ઓળખજો.

ચાચાજીને તેમની જિંદગીના છેલ્લા દિવસોમાં ગળાનું કેન્સર થયેલું. ત્યારે તેઓશ્રી તેમના એક સ્વજન ડૉ. ફુલવરને ત્યાં રહેતા અને તેમની સારવાર લેતા. ત્યારે શ્રીમોટા મુંબઈમાં હોઈને ચેમ્બુર ચાચાજીને જોવા ગયેલા. ચાચાજી માંડ પ્રવાહી લઈ શકતા. ગળામાં ઘરઘરાટી ચાલુ જ રહે ને કફ વારંવાર બહાર આવે. શ્રીમોટાએ થોડી વારે ચાચાજીની આગળ બેસીને 'હરિઃૐ'ની ધૂન શરૂ કરી. લાંબો સમય ધૂન ચાલી. ચાચાજી આંખો બંધ કરીને ઊંડા ઊતરી ગયા. લાંબા સમય સુધી ગળાની ઘરઘરાટી બંધ થઈ ગઈ. વેદનાનાં ચિહ્નો દેખાયાં નહિ. મોંઢા ઉપર પૂરી પ્રસન્નતા વ્યાપી ગઈ. આ જોઈને બધાં આશ્ચર્ય ચકિત થઈ ગયેલાં.

શ્રીમોટા ઘરે પાછા આવ્યા તે બાદ તેમને ગળાનો દુઃખાવો શરૂ થયેલો. એટલે ગળે રૂમાલ બાંધી રાખતા. દાક્તરે બોલવાની મનાઈ કરેલી.

થોડા સમય બાદ ચાચાજીના શરીરનું અવસાન થયું. શ્રીમોટા તે પછી મુંબઈ આવેલા. ડૉ. ફુલવરે તેમને પોતાને ત્યાં પધારવા વિનંતી કરતાં તેઓશ્રી ચેમ્બુર ગયા. ઘરમાં પ્રવેશતાં જ તેમણે ભીંત પર લટકાવેલી ચાચાજીની છબીને ત્રણ વાર સ્પર્શ કર્યો. પછી તેમને ચાચાજી વિશે કંઈક બોલવાની વિનંતી થતાં તેમણે ઉષ્માભરી અંજલિ હિંદીમાં આપી તેઓશ્રીએ કહ્યું –

'હું કરાંચીમાં મારા વડીલને ત્યાં રહેતો હતો ત્યારે ચાચાજી ત્યાં પધારતા. ત્યારથી મારે તેમની સાથે ગાઢ સંબંધ થયેલો. તેમની સાદાઈ, તેમની નમ્રતા, નિખાલસતા ને તેમનો સર્વ પ્રત્યેનો પ્રેમભાવ જોઈને હું તેમના તરફ આકર્ષાયો હતો. તે પછી હું શાંતિનિકેતનમાં એક માસ રહેવા માટે ગયેલો. ત્યાં પણ તેમની સાથે રહેવાનું બનેલું. તેઓ નમ્રતાની મૂર્તિ હતા. તેઓ જે પ્રેમ વરસાવતા તેની ગંગધારામાં સ્નાન કરવાનું મને સદ્ભાગ્ય મળેલું. તેથી મારી જાતને હું ઘણો બડભાગી માનું છું. એમનું સદાય પ્રસન્ન મન કે હસુહસુ ચહેરો જોઈને બહુ આનંદ પામતો.'

**'મસ્તમાણસ' રાજારામ**

શ્રીમોટા એક વાર (૧૯૩૯) કાનપુરમાં એક ગાંડા જેવા માણસને મળવા ગયા હતા. નામ રાજારામ. નવાબ-ગંજમાં રહે. ઉંમર લગભગ ૭૦ ઉપર હશે. શ્રીમોટા કહે કે, તેમનું પોતાનું ઘર હતું પણ તદન બેહાલ, બિસ્માર હાલતમાં આંગણામાં

એક નાની કૂઈ. પોતે કશો સંગ્રહ કરે નહિ. સવાર-સાંજ ફરવા જાય તો જાય. લોકો એને ગાંડો ગણતા.

મુસલમાનને તે સલામ કરે અને હિંદુને સીતારામ. કોઈ પાઈ પૈસો આપે ને વળી લહેરમાં હોય તો તે લે ને કોઈકને તે આપી દે. કદીક કદીક ચા પોતે બનાવે ને તેમાં દહીં નાખે ! કોઈક ખાવાનું આપે તો ખાય. કશાની પરવા નહિ. આકાશવૃત્તિ રાખે. સરસ ભજનો ને સાખીઓ પણ ગાતા.

૨૨-૯-૩૯ની રાત્રે શ્રીમોટા ને બીજા કેટલાક તેમની પાસે ગયા હતા, પછી બન્ને સાથે બેસીને ધ્યાનમાં જતા રહ્યા. તેમની સાથેના બીજા એમને એમ બેસી રહેલા. ધ્યાન છૂટ્યા પછી બન્ને ખૂબ ભેટ્યા. પેલા ભાઈ ધ્યાનમાં શ્રીમોટાને પગે લાગેલા. બીજા દિવસે ફરી મળવા ગયા હતા. વાતો કરીને છૂટા પડતી વખતે બંને ભેટ્યા મસ્તરામ મોટાને પગે લાગવા માંડતાં શ્રીમોટા આઘા ઘસી ગયા. ત્યારે તેમણે પૂછ્યું, 'ગઈ કાલે તો તમને પગે લાગ્યો હતો. આજે કેમ લાગવા દેતા નથી ?'

શ્રીમોટા કહે, 'મસ્ત લોકોના વહેવાર ઊલટા હોય છે. એમનો પ્રેમ જબ્બર હોય છે. તે વેળા એમના સુંદર ભાવની ઝાંખીનો અનુભવ થયો હતો.... પરંતુ 'રબકી મરજી ક્યા જાને !'[1]

**અક્કલકોટના શ્રીસ્વામી સમર્થ**

શ્રીમોટાને અક્કલકોટના શ્રીસ્વામી સમર્થ તરફથી પણ સાધનામાં મદદ મળેલી, એમ તેમણે કહ્યું છે, પણ તે ક્યારે, ક્યાં, કેવા પ્રકારની મદદ મળેલી તે તેમણે ક્યાંય જણાવ્યું નથી કેમકે તેના કોઈ સાક્ષી નહોતા. તેવી જ વાત તેજુદ્દીન બાબાની છે.

આ શ્રીસ્વામી સમર્થ વિશે થોડું જાણવું રસપ્રદ થશે. શ્રીસ્વામી સમર્થના ઉદ્‌ગમ વિશે એવી વાત છે કે શ્રી નરસિંહ સરસ્વતિ તપશ્ચર્યા માટે હિમાલય ગયા પછી એક ઝાડ હેઠળ સમાધિમાં પોઢી ગયા ને ત્યાં જ કેટલાંય વર્ષ સુધી રહેલા. દરમ્યાન એમના સ્થૂળ શરીરની આસપાસ એક જબરદસ્ત કીડીઓનો રાફડો (ટેકરા જેવો) થઈ ગયેલો.

એક દિવસ એક માણસ બળતણ માટે લાકડાં ભેગાં કરવા જતાં તેણે આ રાફડા પર કુહાડીનો ઘા કર્યો. પરિણામે ટેકરો ગબડી પડ્યો ને કુહાડી પર લોહીના છાંટા પડ્યા. તેથી સમાધિસ્થ યોગી જાગી ગયા. તેમણે કઠિયારાને કહ્યું કે, 'ગભરાઈશ નહિ. તારે નિમિત્તે મારે જગતમાં વિહાર કરવાનો સમય થયો છે.' એ યોગીરાજ છ ફૂટ ઊંચા, વિશાળ ને મજબૂત બાંધાના, આજાનબાહુ ધરાવતા. તેમના સાથળ પર કુહાડીનો ઘા ચોખ્ખો દેખાતો હતો.

તેમણે હિમાલયમાં (ઈ.સ. ૧૭૫૮) ભ્રમણ કરીને દક્ષિણ તરફ પ્રયાણ કરેલું અને ફરતાં ફરતાં મહારાષ્ટ્રના અક્કલકોટ ગામે પધારેલા જ્યાં તેમણે ઘણાં વર્ષ સુધી નિવાસ કરેલો. તેથી તેઓશ્રી અક્કલકોટના શ્રીસ્વામી સમર્થ તરીકે જાણીતા થયા અને ૧૮૭૮ના ચૈત્ર સુદ તેરસના દિને દેહત્યાગ કરેલો. તેમની ચેતનાશક્તિ તેમના ભક્તોને તથા ઈતરજનોને આજ દિન સુધી સ્થૂળ ને સૂક્ષ્મરૂપે મદદ કરી રહી છે. તેમજ પૂ. શ્રીમોટાને તેમના સાધનાકાળ દરમ્યાન તેઓશ્રીની સહાય મળેલી.

**કવિ સાગર**

પૂજ્ય શ્રીમોટાએ તેમના જન્મદિન અંગે ઉજવાયેલા એક ઉત્સવ દરમ્યાન જાણીતા કવિ સાગર વિશે બે શબ્દો કહેલા તે અત્રે ઉતારવા રસપ્રદ લાગશે.

"કવિ સાગર એક વિદ્વાન નહિ, અનુભવી ખરા. અને સાધના પણ કડી કરેલી... પાદરા તાલુકામાં જંબુસર ગામ પાસે એમનો એક આશ્રમ હતો. હું પણ ત્યાં એમની પાસે ગયેલો. (તે) ગઝલોના બહુ શોખીન. એમની પાસે હું ગઝલ શીખેલો. પણ એ બહુ ગાંજો પીએ અને પછી ભજનો લખે. મેં (મારી જાતને) કીધું કે આપણે તો આની (ભજનો) સાથે કામ છે ને બાહ્ય લક્ષણ સાથે કામ નથી. (હું) ત્રણ દિવસ ત્યાં રહેલો. પણ એ મસ્ત હતા. આખો દિવસ ભજનમાં જ એમનો સમય જતો. પણ ત્યારેય મને એમ લાગેલું કે કંઈ કશાના નશાના કારણે આ એકાગ્રતા આવે. એ બરાબર

નથી. એનો ઉપયોગ ભજનમાં કરીએ એ ઉત્તમ વસ્તુ; સારી વાત છે.

“પણ એ નશા સિવાય પણ એકાગ્રતા રહે, બલકે એના કરતાં પણ જબરદસ્ત એકાગ્રતા રહે, અને એ એકાગ્રતા આપણા કામમાં પરિણત થઈ જાય અને એમાંથી ભજનો વગેરે જે કંઈ જાગે તો એ બરોબર છે. ત્યારે મને એમ લાગેલું, પણ નફરત નહિ થયેલી આ લોકો તરફ. કોઈ નશાકારક ચીજ લઈને, એ નશો ઉત્પન્ન થાય અને એમાંથી જે એકાગ્રતા જાગે અને એમાંથી જે ભજનો થાય એ મને બરાબર નહિ લાગેલું. સ્વયં આપણા પોતામાં જાગેલા રસથી, એની તલપથી, એની તરસથી-એના સ્વાર્થથી કરીને આપણે એમાં પરોવાઈએ અને આપમેળે જે એકાગ્રતા થાય એ એકાગ્રતાના સ્વરૂપને ત્યારે પણ ઉત્તમ માનતો અને આજે પણ ઉત્તમ માનું છું.”

શ્રીમોટા એકવાર સરખેજ(અમદાવાદ) કવિ શ્રી સાગર પાસે ગયેલા ને તેમણે સ્વરચિત પ્રેમલક્ષણા ભક્તિનાં ગીતો સંભળાવ્યાં. તે ઉપરાંત સાધનાની અંતરતમ હકીકત અંગે સત્સંગ કર્યો. ત્યારે કવિશ્રીએ કહેલું : ‘તમારા દિલમાં શુદ્ધ અનાસક્ત પ્રેમ છે ને ઘણી ઊંચી કોટિનો છે. પરંતુ લોકો આવાં ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં ફેંકી દો.’ ને શ્રીમોટાએ એક પળનીયે વાર લગાડ્યા વિના ભજનોની નોટબુક તળાવમાં પધરાવી દીધી ! કવિશ્રી સાગર તો તેથી સ્તબ્ધ થઈ ગયા હતા.

આમ, પૂજ્ય શ્રીમોટાએ સહજપણે મળી આવેલા સત્પુરુષોનો સમાગમ તેમના સાધનાકાળ દરમ્યાન સેવતા કોઈને ચાહીને મળવા જવા દર્શન કરવા દોડાદોડી કરતા નહોતા અને જેઓની સન્મુખ બેસવાનું થતું તેમનામાં તેઓશ્રી પોતાના સદ્ગુરુ શ્રીધૂણીવાળા દાદાનો ભાવ દૃઢાવીને બેસતા એ તેમના સત્સંગની શૈલી હતી, ખૂબી હતી, સાધનાની પ્રક્રિયા હતી, એ ધ્યાનમાં રાખવા જેવું છે.

***(‘શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ’ ૧લી આ., પૃ. ૬૧ થી ૬૭)***

## ‘હરિઃૐ આશ્રમ, નડિયાદ’ને મળેલ દાન

ગુરુપૂર્ણિમા તા. ૨૪-૭-૨૦૨૧ ને શનિવારના રોજ ઊજવણી આશ્રમ ખાતે રાખેલ. આ ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે હરિઃૐ આશ્રમ, નડિયાદને કુલ રૂા. ૧૧,૧૫,૪૭૦/- જેવી માતબર રકમ પૂ. શ્રીમોટાના ‘મારે સમાજને બેઠો કરવો છે’ના સંકલ્પ અન્વયે વહાલા સ્વજનો મારફતે મળેલ છે. સર્વે વહાલા સ્વજનો પ્રત્યે સમગ્ર ટ્રસ્ટીગણ હૃદયથી આભારની લાગણી વ્યક્ત કરે છે.

## ‘હરિઃૐ ગુંજન’ને મળેલ ભેટ

| | | |
|---|---|---|
| (૧) | કલ્પનાબેન હરેશભાઈ રાવલ - સુરત | રૂ. ૧૦,૦૦૦/- |
| (૨) | પલ્લવીબેન પંકજભાઈ મિસ્ત્રી - અમદાવાદ | રૂ. ૬,૦૦૦/- |
| (૩) | ચંદનબેન બી. પટેલ - વિદ્યાનગર | રૂ. ૫,૦૦૦/- |
| (૪) | સ્વ. ઉષાબેન રાજેન્દ્રકુમાર મુખી - ભાટ | રૂ. ૨,૫૦૦/- |
| (૫) | સ્વ. કપીલાબેન આર. ભટ્ટ - વડોદરા | રૂ. ૧,૧૦૦/- |
| (૬) | પંકજભાઈ નટવરલાલ પટેલ - અમદાવાદ | રૂ. ૧,૦૦૧/- |
| (૭) | સ્વ. યોગેશભાઈ પી. આશરા - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૮) | મૃદુલાબેન એમ. મુખી - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૯) | મયંક એ. પરમાર - વડોદરા | રૂ. ૧,૦૦૦/- |

**‘હરિઃૐ ગુંજન’ ઉપરોક્ત સર્વે સ્વજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

**સ્વજન :** અમારા નવા ઘર માટે અમારા પૂજ્ય વડીલે યાદ કરી કરીને બધું આપ્યું. હવે એમનો ભાવ ફર્યો છે.

**શ્રીમોટા :** એમણે બધું નવા ઘરને માટે યાદ કરી કરીને તૈયાર કરીને આપ્યું તેથી આપણને સારું લાગે, પરંતુ **ધારો કે કંઈ જ કશું ના આપે ને ઉપરથી અણગમો બતાવે અને ધારો કે ગમે તેમ યદ્યાતદ્યા બોલે તોપણ આપણો તેમના પરત્વેનો સદ્‌ભાવ જીવતો-જાગતો ટકી રહે ત્યારે આપણા દિલના સદ્‌ભાવની વાત સાચી. આ રીતે જ આપણે તો જીવનમાં મળેલાં સઘળાંની સાથે વર્તવાનું હોય.**

આપણું જેમનાથી સારું થયું હોય તેમના પરત્વે સદ્‌ભાવ હોય તેમાં કશી મોટી વાત નથી, **પરંતુ જેમણે અન્યાય કર્યા હોય, આપણું અહિત કર્યું હોય, આપણું બગાડ્યું હોય, આપણી અયોગ્ય રીતે નિંદા કરી હોય અને જે કોઈ જ્યાં ને ત્યાં આપણું ઘસાતું જ બોલતું હોય તેવાં પરત્વે પણ દિલમાં સદ્‌ભાવ જાગેલો ટકી રહે ત્યારે જ સાચું.** બાકી આપણા મને તો કેટલુંયે ઊંધું તેમના વિશે વિચારેલું છે તે પણ હકીકત છે.

**નિંદા વાણીથી થઈ શકે અને આંખથી પણ થઈ શકે અને મનમાં મનથી પણ થઈ શકે. નિંદા તો મોટામાં મોટો દુર્ગુણ છે.** જે જીવ કોકની નિંદા કરે છે તે કોઈ પરત્વે દિલની દિલથી દિલમાં વફાદારી તો ના જ રાખી શકે. કોઈક એક પરત્વે રાખે તો તેવી વફાદારીની પ્રામાણિકતા અને દાનતમાં પણ કશું ઝાઝું વજૂદ ના હોય. અને એવી વફાદારીથી જીવન ઘડાય પણ નહિ.

**બૌદ્ધિક સમજણનો અર્થ નહિ !**

**સ્વજન :** મોટા, આપની સાથે મારે સંબંધ થયો છે એથી ઊંચી ભાવનાઓ જાગે છે. કેટલીક ઊર્ધ્વજીવનની વાતો પણ સમજાય છે. આમ સમજણ ઊગે એ સારું ગણાય ને ?

**શ્રીમોટા :** આપણો કોઈ પણ રીતનો સંબંધ દિલની ભાવના પ્રગટાવવાને કેળવવા માટેનો છે. પ્રત્યેક રીત-ટેક્નિક સાધન-ઉપાય વગેરેમાં દિલની મૌલિકતા પ્રગટેલી રહ્યા કરે તો જ તેનો લાભ લઈ શકાય. મૌલિકતા ભાવને કે રસને કારણે પ્રગટે. એટલે જ તે ગ્રહણ અને સ્વીકાર કરવાનો આધાર અને તેને સાનુકૂળ પ્રત્યુત્તર આપવાનો આધાર આપણા પોતાના દિલ પર છે. અને તે જ ખરો આધાર છે ને તે કેળવવા જેવો છે. બુદ્ધિની ખાલી ખાલી કોરી સમજણ ઉપર મને ઝાઝો કશો વિશ્વાસ નથી. **તપ-મથામણ અને સાધનોનો જે પુરુષાર્થ થયા કરે છે એમાંથી આપમેળે જે સમજણ પ્રગટે છે તે જ ખરી સમજણ છે.**

શરૂ શરૂમાં આવી વાતને હું જરૂર પ્રોત્સાહન આપું છું ખરો, ને તે પણ પરસ્પરનો ભાવસંબંધ કેળવવા માટે. પરંતુ આપણે જાતે મથ્યા વિના આવી બધી વાતોથી કે વાંચનથી મળેલી બધી સમજણો કશા ઉપયોગમાં આવતી નથી. **જો વાંચવાની સમજણથી કે વાતોની સમજણથી ખરેખરી સમજણ ઊગી શકતી હોત તો સાધનાની કશી આવશ્યકતા જ ન રહી હોત.** માટે હવે તારે માટે તો સાધના ભાવે મથવાનું બાકી રહે છે. બાકી તું પૂછીશ તો તેનો જવાબ તને આપીશું પણ હવે હું એને મહત્ત્વ આપતો નથી.

**જમીન પણ તપ્યા વિના તેમાંથી અન્ન પાકતું નથી. ખરેખરી સાધનાથી જ સૂઝ પ્રગટે તે સૂઝ ખપમાં લાગે.**

તા. ૧૭-૪-૬૩

*('આવી મળે એ અવસર' ૧લી આ., પૃ. ૪૮ થી ૫૧)*

કળાનાં રંગને ભાત એકસરખાં હોતાં નથી. જીવનની કળા વનસ્પતિ જેવી છે. વનસ્પતિની મૂળ ભૂમિકા બધાંની લીલા રંગની હોવા છતાં તેની જાતભાત નોખી નોખી હોય છે, તેની ફોરમ નોખી નોખી હોય છે અને તેનાં ફળ પણ નોખાં નોખાં હોય છે. વનસ્પતિનું સૌંદર્ય આંખ, મન અને હૃદયને કોઈ એક પ્રકારની મુગ્ધતા પ્રેરે છે અને મનને શાંતિ પમાડી અગાધ નીરવતામાં ડૂબકી મરાવે છે. એવા સૌંદર્યની સામે મીટ માંડી માંડીને, દિલને રેડીને આ કાગળ લખી રહ્યો છું. લાંબા લાંબા કાગળ લખવાનો પણ શો અર્થ હોય ? **હજારો મણ વિચારના કરતાં અધોળ જેટલું વર્તન જીવનવિકાસને કાજે ઉત્તમ પ્રકારનું છે. એટલે આપણે કાજે તો તે જ ઉત્તમ.**

મારું વર્તન તો તદ્દન ઢંગધડા વગરનું છે. કોઈ પણ કાળે મારા વર્તનની નકલ કરવી નહિ. નકલ એ મૃત્યુ છે. વર્તનનો હેતુ અને જ્ઞાન હૃદયમાં હૃદયથી પ્રકટે ને એ રીતે વર્તનને સમજે એવો ચેતનમાં જાગેલો 'જીવ' કોઈ ભાગ્યે જ હોય છે. અમને ચેતનની દૃષ્ટિએ સમજનારા હજી સુધી તો કોઈ જાણ્યા નથી. એક પૂજ્યશ્રી 'ગોદડિયા મહારાજ' કરીને છે તે અમને સાચી રીતે જાણે છે ને ઓળખે છે. **મળેલાં સ્વજનોએ હજી અમને હૃદયથી પૂરા ઓળખ્યા નથી. એ અમારું કમભાગ્ય નથી, પરંતુ જેમણે સંગ કરીને હૃદયથી સંગ કરી જાણ્યો નથી તેમનું કમભાગ્ય છે.**

ચેતનમાં જાગેલા 'જીવ'ને ઓળખવો, સમજવો ને અનુભવવો એ જેવા તેવા 'જીવ'નું કામ નથી. હૃદયની એવી અંતરની આંખ પ્રકટી જાય તો કદાચ ઓળખી શકાય અને સમજી શકાય. તારા પોતાના વાતાવરણમાં તુ કેવી રીતે આ આદર્શને જીવી બતાવશે તેના પર બધો આધાર છે. **જો જીવન છે તો તેને દિશા, ગતિ અને પ્રાણ પણ છે. એ રીતે ને એ લક્ષણે જો આપણા જીવનની દિશા, ગતિ ને પ્રાણ હૃદયથી નક્કરપણે અને વાસ્તવિક રીતે અનુભવી શકતાં હોઈએ, તો જીવનમાં જીવીએ છીએ એમ ગણાય.** (જીવનમંડાણ, પૃ. ૯૪થી ૧૦૪)

તારામાં જે લાગણી છે, મારે કાજે જે ભાવના છે, તે તારા કાગળમાં નીતરતી હોય છે. પરંતુ હૃદયની પરીક્ષા થયા વિના મારે ગળે કશું ઊતરતું નથી. જીવનને કસોટીએ ચઢાવ્યા સિવાય ખરી ચકાસણી થતી નથી, ખરી આંકણીયે થતી નથી ને ખરું મૂલ્યાંકન પણ થતું નથી. સંસારવહેવારમાં મળતા પ્રસંગો એ કસોટી છે. **એ પ્રસંગોમાં જો તું તરતી રહે ને જીવતી રહે ને પળેપળ ચેતનાપૂર્વકનું પ્રેમભક્તિથી સ્મરણ થયાં કરે અને તારું મન, હૃદય, ચિત્ત, પ્રાણ ને અહમ્ 'આ જીવ'માંની ચેતનામાં પરોવાયેલાં રહે એવો તને જીવતોજાગતો પ્રત્યક્ષ અનુભવ થાય, ત્યારે તું બળ્યા-ઝળ્યા 'જીવ'ને શાંતિ આપી શકશે, તે વિના નહિ. માટે કૃપા કરીને જો સાચો પ્રેમભાવ હોય તો એટલું કામ કરજે.** તો જગતને તું ઉત્તમ દૃષ્ટાંતરૂપ નીવડી શકશે. મળેલાં સ્વજનોને પ્રેરણારૂપ બની શકે. તારું સ્થાન મારા હૃદયમાં અનોખું છે. તારે મન હું જેમ સઘળું છું તેમ મારે મન તું સઘળું છે એમ હું નહિ કહી નાખું. તું શું છે તે મારા હૃદયમાં છે.

*('સંસારમાં વૃંદાવન' ૧લી આ., પૃ. ૧૧ થી ૧૩)*

વીસમી સદી એ રાજકીય, સામાજિક, ભૌતિક તથા આધ્યાત્મિક પરિવર્તનનો કાળ હતો. ભારતની આઝાદીનો પૉહ ફાટ્યો હતો. કાળપુરુષ મહાત્મા ગાંધીના ઉદયથી સદીઓથી સુષુપ્ત પડી રહેલ પ્રજામાનસમાં ચેતનાનો સળવળાટ થઈ રહ્યો હતો. વાતાવરણમાં સ્વામી વિવેકાનંદે કરેલી બ્રિટિશ સામ્રાજયના સૂર્યાસ્તની આગાહીની ગર્જનાનો ગુંજારવ ગુંજી રહ્યો હતો. મહર્ષિ શ્રીઅરવિંદ અતિમનસને અવતારવા પોંડિચેરીમાં સ્થાયી થયા હતા. આધ્યાત્મિક જગતના વૈજ્ઞાનિક અને સમસ્ત વિશ્વના સંત શિરોમણિ પૂજ્ય શ્રીમોટાનો જન્મ ચોથી સપ્ટેમ્બર, ૧૮૯૮માં ગુજરાતના સાવલી ગામે જિ. વડોદરા મુકામે થયો હતો. આ કાળમાં અનેક સંતો ભારત વર્ષમાં ઠેર ઠેર અવતર્યા હતા.

૧૯૩૯માં મુક્તાવસ્થા પ્રાપ્ત કરી પછીથી પૂજ્ય શ્રીમોટાએ પ્રગટ થવાની શરૂઆત કરી. ૧૯૪૦થી ૧૯૭૬ સુધીના પ્રગટ જીવનના અવિભાજ્ય અંગ સમાન તેમના **સમર્થ શિષ્ય શ્રી નંદલાલ ભોગીલાલ શાહ ઉર્ફે 'ભાઈ'નો જન્મ ખેડા જિલ્લાના મહેમદાવાદમાં વાઘજીની પોળમાં સંવત ૧૯૬૧, આસો સુદ પાંચમ, પાંચમા નોરતે, ગુરુવાર તા. ૧૩-૧૦-૧૯૦૪ના રોજ થયો હતો.**

તેમની માતાનું નામ જેઠીબા અને પિતાનું નામ શ્રી ભોગીલાલ ત્રિભોવનદાસ શાહ હતું. જ્ઞાતિથી તેઓ દશાનાગર વૈષ્ણવ વણિક હતાં. પતિપત્ની બન્ને ખૂબ જ ધર્મપરાયણ હતાં.

શ્રી ભોગીલાલનાં પ્રથમ પત્ની ગુજરી ગયાં પછી તેમનાં ફરી લગ્ન થયાં હતાં. પૂજ્ય જેઠીબા તેમનાં બીજાં પત્ની હતાં. તેમને પાંચ પુત્રો થયા. જેમાં સૌથી મોટા શ્રી વાડીલાલભાઈ, પછી શ્રી નંદુભાઈ, શ્રી બંસીલાલભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ અને શ્રી બાલમુકુંદભાઈ (બાલાભાઈ).

**માતુશ્રી જેઠીબા**

માતા જેઠીબા ચીલાચાલુ રીતે વૈષ્ણવ ધર્મને પાળનારાં હતાં. વૈષ્ણવોમાં ખાવાપીવાના, છૂઆછૂતના, મંદિરોમાં ભોગ ધરાવવાના વગેરે જે જનસામાન્ય આચારવિચાર હોય છે, તે બધા જેઠીબા ચુસ્તપણે પાળતાં. તેમની પાણીની ગોળીને અડવાની મનાઈ હતી. તેઓ સાબરમતી હરિજન આશ્રમથી આવનારને પોતાના રસોડાની બહાર બેસાડીને જમાડતાં. શરૂઆતમાં તેઓ હરિજન આશ્રમ, સાબરમતી જતા પણ નહિ. ધર્મની બાબતમાં જેમ એક ગામડિયાની શ્રદ્ધા હોય છે, તેવી શ્રદ્ધા તેમનામાં હતી. વૃત્તિ, વિચાર, લાગણી, ભાવના વગેરેનાં પૃથક્કરણની તેમને ગતાગમ ન હતી.

પરંતુ આગળ જતા સુપુત્ર નંદલાલને, પૂજ્ય શ્રીમોટાનો સંગ થવાથી અને તે નિમિત્તે પોતે પણ શ્રીમોટાના રંગે રંગાયાં અને સમજણ કેળવાઈ, તેથી આ બધા રૂઢિચુસ્ત આચાર વિચારોને પછીનાં વર્ષોમાં તિલાંજલિ આપી દીધી હતી.

પૂજ્ય જેઠીબા ખૂબ જ કર્મઠ અને કાર્યકુશળ હતાં. તેઓ કરકસરથી કુટુંબનો નિર્વાહ કરનારાં હતાં. આ ગુણો નંદલાલમાં ઊતરી આવ્યા હતા.

**પિતાશ્રી ભોગીલાલની પ્રામાણિકતા**

પિતાશ્રી ભોગીલાલ, અમદાવાદ નજીક અસલાલી, ધોળકા, સરખેજ, સાણંદ વગેરે ગામોમાં મહેસૂલ ખાતામાં ગ્રામ્ય કક્ષાના તલાટી તરીકે નોકરી કરતા હતા. સરકારી મહેસૂલ ખાતામાં એમની ખ્યાતિ એક પ્રામાણિક નિષ્ઠાવાન સેવક તરીકેની હતી.

સામાન્ય રીતે તલાટીઓ ગામલોકો પાસેથી ભેટ સોગાદો લેતા હોય છે, પરંતુ શ્રી ભોગીલાલ આમાં અપવાદરૂપ હતા. તેઓ કદી પણ લોકો પાસેથી મફતનાં શાકભાજી કે ધાન્ય લેતા નહિ. તેમનો પગાર અસલાલીમાં મહિને પાંચ રૂપિયા અને

ધોળકામાં મહિને વીસ રૂપિયા હતો. 'આપણને જે કાંઈ મળે છે, તે બધું ભગવાનનું આપેલું છે,' એવી વૃત્તિથી સંતુષ્ટ જીવન જીવતા હતા. આટલા ટૂંકા પગારમાંથી પણ પરમાર્થભાવે રૂપિયો બે રૂપિયા દાન પેટે અચૂક વાપરતા. આવી દાનવૃત્તિ નંદલાલને વારસામાં મળી હતી.

**શિશુકાળના બે અલૌકિક પ્રસંગો**

કહેવાય છે કે સંતો અને મહાપુરુષોના બાલ્યકાળમાં અદ્ભુત પ્રસંગો બનતા હોય છે. નંદલાલ ખરેખર નંદલાલા જ હતા ! તે જન્મથી જ દિવ્યતા લઈને આવ્યા હતા. નંદલાલના બચપણમાં અલૌકિક પ્રસંગો બન્યા હતા અને જેનું અનુમોદન પૂજ્ય શ્રીમોટાએ પણ આપેલું છે. એ પ્રસંગો પૂજ્ય જેઠીબાએ કહી સંભળાવ્યાં હતાં. આ પ્રસંગો જોતાં એમ લાગે છે કે શ્રી નંદુભાઈનો જન્મ કોઈ દિવ્ય હેતુ પાર પાડવા થયો હતો.

તેઓ જ્યારે સરખેજમાં રહેતા ત્યારે એક વખત જેઠીબા નંદુને લઈને જેઠ મહિનાના ધોમધખતા તડકામાં ગામથી દૂર એક મીઠા પાણીના કૂવા પર પાણી ભરવાં ગયાં હતાં. તે વખતે નંદુ ઘણો નાનો હતો. તાપ તો એટલો પડતો હતો કે ચકલું સરખુંયે ના ફરકે. કોઈ કરતાં કોઈ ત્યાં ન હતું, દીકરાને કૂવાના થાળા પર બેસાડીને એ પાણી ભરતાં હતાં. (નંદુ તરફ) એમની પૂંઠ હતી ને પાસે ભરેલી કૂંડી હતી તેમાં દીકરો ગબડી પડ્યો. એમને તો તેનો ખ્યાલ સરખેયો ન હતો. અને કોણ જાણે ક્યાંથી એક ફૂટડી જુવાન ભરવાડણ ખભે ડાંગ મૂકીને ત્યાં આવી. બાઈએ તો એકદમ કૂંડીમાં ઊતરીને તળિયેથી દીકરાને કાઢ્યો અને એમને કહ્યું, 'અરે બાઈ ! આ દીકરો તમારો છે ? જરા જુઓ તો ખરાં ! એ તો પાણીમાં ડૂબી ગયો હતો.' જેઠીબા તો ગળગળાં થઈ ગયાં, દીકરાને છાતીસરસો ચાંપ્યો ને તે બાઈને ભગવાન જાણીને તેને બે હાથે પ્રણામ કર્યા. સાક્ષાત્ ભગવાન જાણે ભરવાડણ બનીને આવ્યાં હતાં !

શ્રી ભોગીલાલ સાણંદમાં તલાટી હતા, તે સમયે એક પ્રસંગ બન્યો. તે વખતે નંદુભાઈની ઉંમર પાંચસાત મહિનાની હશે. એક દિવસ જેઠીબા બાળક નંદુને લઈને કપડાં ધોવાં ગયાં હતાં. ત્યાં બાગ હતો. બાગમાં એક બાજુ બાળ નંદુને સુવાડીને પોતે કપડાં ધોવાં લાગ્યાં. એટલામાં બાગનો માળી ત્યાં આવી પહોંચ્યો અને બૂમ પાડીને કહેવા લાગ્યો, 'અરે, બાઈ ! તમને કંઈ ભાન છે કે નહિ ? આવી રીતે છોકરાને બાગમાં જમીન પર તે સુવાડાતો હશે ? જુઓને આ પાસે કેવો મોટો સાપ છે ?' એમણે તરત દીકરાને ઉપાડી લીધો. કપડાં જેમ તેમ કરીને નિચોવી કાઢ્યાં અને દીકરાને જીવતો ઘેર લઈ ગયાં.

કહેવાય છે કે આ રીતે સાપનું બાળક પાસે આવવું એ એક અલૌકિક ઘટના ગણાય. આ પ્રસંગો પછી જેઠીબાને ભગવાનમાં અતૂટ શ્રદ્ધા બેસી ગઈ હતી.

*'જીવન સાર્થકતાની કેડીએ (પૂર્વાર્ધ)' પૃ. ૩ થી ૮*

## ગયેલા આત્માને...

૧. હરિઃૐ આશ્રમ, સુરતના તત્કાલીન મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. જિતેન્દ્રલાલ વિનાયકલાલ ઝરીવાલાના ધર્મપત્ની રમાબેન તા. ૨૫-૭-૨૦૨૧ ને રવિવારના રોજ અવસાન પામેલ છે.

૨. સ્વ. હરેશભાઈ તુલસીદાસ સ્વદાસ (વઢવાણવાળા) તા. ૨૭-૭-૨૦૨૧ ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

૩. સ્વ. વાસુદેવભાઈ અમૃતલાલ મોદી ૭૬ વર્ષની ઉંમરે તા. ૧૦-૮-૨૦૨૧ ને મંગળવારના રોજ પોતાના નિવાસસ્થાન ઊંઝા ખાતે હરિઃૐ શરણ પામેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વે ગતાત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી આપણા સૌની હૃદયથી પ્રાર્થના.**

# ૧૪. સદ્‌ગુરુ અને સંસારીજનો

- પૂ. શ્રીમોટા

અનીતિ નીતિ કેરાં જે, ધારાધોરણ હોય છે
-સંસારે જે પ્રવર્તેલાં, તે પ્રમાણેનું માપ તે
-ચેતનાનિષ્ઠનું ક્યાંયે જીવનમાં ન હોય છે,
બાહ્ય આચરણો એનાં વિધિનિષેધથી પરે. ૪૫-૪૬

જગત-ન્યાયથી એવો તેવો તેવો જણાય છે,
'કિંતુ શો અંતરે તે છે !' તેને કોણ પિછાણશે ?
તો પછી બાહ્ય રીતે તે એવો શેં એવું વર્તતો ?
વાતો શી ઝીણિયું એવી! એનો તોળાય ન્યાય શેં? ૪૭-૪૮

एनी સ્વતંત્રતા ઑર મૌલિક શી પ્રકારની !
લૌકિક રીતથી તોયે નરી સ્વચ્છંદ લાગતી;
સંસારી દષ્ટિ, એવું જે મૌલિક ને અલૌકિક
-યોગ્ય તત્ત્વાર્થ-ભાવાર્થે, સ્વીકારવા ન યોગ્ય છે. ૪૯-૫૦

શો અસામાન્ય एवो તે કોઈ ને કોઈ રીતિએ
-હોવા છતાં જ સંસારે, લાગ્યા વિના કદી ન રહે. ૫૧-૫૨

નિંદા કદીક एवानी અપરંપાર થાય છે,
છતાં નિઃસ્પૃહી સંપૂર્ણ પોતે શો શાંત તે વિષે !
ઊંચાનીચા કરી નાખે એવી હોવા છતાં સ્થિતિ,
ત્યારે નિશ્ચળ સંપૂર્ણ શો અવિચળ આપથી ! ૫૩-૫૪

સંસારી લોકની જેવી જે સમજણ હોય છે,
તે રીતે વર્તનારો તે કદી હોતો નથી જગે;
સંસારીની રીતે તેથી एवाने તોલવા જતાં;
ભૂલથાપ ખવાવાની હોય છે ઘણી શક્યતા. ૫૫-૫૬

શો અલમસ્ત ધૂની તે એકાકાર જ હોય છે !
ધૂનની તાનમાં પાસાં બીજાં તે ન વિચારશે;
પોતાની ધૂનમાં કેવા ગાંડાતૂર નર્યા જ છે !
ધૂની સદ્‌ગુરુ જેવા તો કોઈ બીજા ન ક્યાંય તે. ૫૭-૫૮

ધૂન, તરંગ કે તુક્કો ઊંડા અંતર-ભાવને
-લોક કેવા ગણે; પાછા શા તુચ્છકારી કાઢશે !
ચેતેલા તણું સંસારે એવું એવું થયાં જતું,
યોગ્યતામાં શું સંપૂર્ણ સમજાતું ન તેમનું. ૫૯-૬૦

છે મૃગજળ દેખીતું, કિંતુ તે સાચું લાગતું,
પરંતુ મૂળ જેનું ના, શાખા તે પછી હોય શું ?
ચેતેલા તણી વૃત્તિનું તેવું જ સૌ પ્રમાણવું,
મૂળના ભાવનું માત્ર વક્રીભવન જાણવું;
વક્રીભવનમાં દોષ મૂળના ભાવનો ન છે,
સામેનાની ભૂમિકાથી ભાવ શો બદલાય છે !
મૂળના ભાવના જેવી ભૂમિકા જેની હોય જો,
ત્યાં ભાવ બદલાયા તે વિનાનો સાવ મૂળ શો ! ૬૧-૬૪

एनी ગહનતા કેવી અમાપ ને અતાગ છે,
એથી નિપજનારો જે ખજાનો તે અકલ્પ્ય છે;
છુપાયેલાં પડેલાં જે एनी ભીતર રત્ન છે,
લગાવ્યે ગોથું ભક્તિનું જ્યાં અણમોલ મોતી છે. ૬૫-૬૬

*('શ્રીસદ્‌ગુરુ - પૂજ્ય શ્રીમોટા' દ્વિ.આ., પૃ. ૨૨ થી ૨૪)*

## મોટા સાથે મિત્રતા

મારાથી કોઈક વખતે ક્રોધ થઈ જાય છે. હું તો ઘણી વખત ક્રોધ કરતો નથી પણ શરીર છે એટલે ક્રોધ થઈ જાય છે અને જેના ઉપર ક્રોધ કરવો પડે છે એ લોકો મને ઉપયોગમાં પણ આવે છે. જો દુનિયામાં ભગવાનનો લાભ લેવો હોય તો તમે કઈ રીતે એને ભજો છો એની બરાબર ખોજ કરી લો તો એના વિશે ભ્રમ રહેશે નહિ. જેણે દોસ્તી રાખવી હોય તેણે પહેલાં મિત્રતા કેળવવી પડશે. હું તો રાખું છું તેની પછીથી ખબર પડશે. સંસારવહેવારમાં સંસારી માણસ નિઃસ્પૃહ છે. એ પરવાવાળો છે અને બેપરવા પણ છે. મારા ગુરુમહારાજે મને કહ્યું છે કે "બધાંને પ્રેમ કરવો, બધાંને સાચી વાત કરવી." એટલે હું બધાંને સત્ય કહું છું.

*('પ્રભુની ખોજ' પ્ર.આ., પૃ. ૪)*

**ચાહ્યાથી જેને સહુને ચહાય એવી કળા અદ્‌ભુત સિદ્ધ થાય**
**તે આપનાં શ્રીચરણારવિંદ મારા હ્રદે સ્થાપિત હો સદૈવ. ૭૫**

**જેને ચાહ્યાથી સહુને ચહાય છે એવી અદ્‌ભુત કળા [જેનાથી] સિદ્ધ થાય [છે] તે આપના ચરણારવિંદ મારા હ્રદે સદૈવ [= હંમેશાં જ] સ્થાપિત હો.**

**ઉષ્માભર્યા પ્રેમ તણી વહે છે સ્રોતસ્વિની અંતર આપને જે**
**તેમાં થતાં મજ્જન ભક્તિભાવે સંસારના તાપ બધા શમે છે. ૭૬**

**આપને અંતર [= ના અંતરમાં] ઉષ્માભર્યા પ્રેમ તણી જે સ્રોતસ્વિની [= નદી] વહે છે તેમાં ભક્તિભાવે મજ્જન થતાં [= ડૂબકી મારવામાં આવતાં] સંસારના બધા તાપ શમે છે.**

ભટ્ટ સાહેબ ગુરુવર્ય શ્રીમોટાને એવી પ્રાર્થના કરે છે કે એવી કળા સિદ્ધ થાય કે જેને ચાહવાથી સહુને ચહાય. આ સ્થિતિ સર્વોત્તમ છે. સૌ પ્રત્યે નિર્વ્યાજ, અનન્ય, અદ્‌ભુત પ્રેમની આ અવસ્થા છે. ભટ્ટ સાહેબે આ શ્લોકમાં બહુ જ ઊંડી અર્થસભર વાત કરી છે. આની સમજૂતી માટે આપણને કેટલાક સંદર્ભો પ્રાપ્ત થાય છે. શ્રી અરવિંદ માનવપ્રેમ અને દિવ્યપ્રેમ વચ્ચે ભેદ પાડે છે. તેઓ કહે છે : ‘‘માનવપ્રેમ મહ્‌દ અંશે પ્રાણગત અથવા શરીરગત હોય છે, જેને મનનો ટેકો હોય છે - જો તેને ચૈત્યપુરુષનો [આત્માનો] સ્પર્શ થયો હોય તો જ તે નિઃસ્વાર્થ, ઉમદા અને પવિત્ર સ્વરૂપ અને અભિવ્યક્તિ ધારણ કરી શકે છે. જેને પ્રભુ પાસે પહોંચવાની ઇચ્છા હોય તેણે પોતાની જાત ઉપર મનુષ્યપ્રેમ અને આસક્તિઓનો બોજો લાદવો જોઈએ નહિ, કેમ કે તે બધાં અનેક બંધનો સર્જે છે અને તેના પગલાંને અવરોધે છે, તેમ જ પ્રેમના સર્વોચ્ચ વિષય [પ્રભુ] પર તેના ભાવોની એકાગ્રતામાંથી તેને બીજી બાજુ વાળી દે છે.’’ મહર્ષિ, મહાયોગી શ્રી અરવિંદ આગળ કહે છે : ‘‘માનવપ્રેમથી ભિન્ન દિવ્યપ્રેમ ઊંડો, વ્યાપક અને શાંત હોય છે, તેનાથી સભાન થવા માટે અને તેને ઉત્તર આપવા માટે વ્યક્તિએ શાંત અને વ્યાપક બનવું જોઈએ. પ્રભુ માટેનો સાચો પ્રેમ તો છે એક આત્મસમર્પણ.’’

ભટ્ટ સાહેબની આ પ્રાર્થનામાં દિવ્યપ્રેમની વાત કરવામાં આવી છે. આ દિવ્યપ્રેમ એ વિશ્વની મહાન શક્તિઓમાંની એક છે. આ પ્રેમ એક વિશ્વવ્યાપી અને સનાતન સત્ત્વ છે. ડિવાઈન મધર કહે છે : ‘‘મનુષ્યમાં જ્યારે પ્રથમવાર પ્રેમ જાગે છે ત્યારે તેમાં વિશુદ્ધ દિવ્યતત્ત્વનો કંઈક અંશ પણ આવ્યા વિના રહેતો નથી. પ્રેમના દૈવી સ્પર્શથી મનુષ્યમાં રહેલાં બધાં ઉદાત્ત અને સુંદર તત્ત્વો જાગૃત બને છે, વિસ્તાર પામે છે.’’ ભટ્ટ સાહેબ લખે છે : ‘‘‘એવી કળા અદ્‌ભુત સિદ્ધ થાય’ એ એટલા માટે કે ‘‘આવા પ્રેમમાં પણ થોડા જ વખતમાં મનુષ્ય ઉપર તેની જૂની પ્રકૃતિ પાછી સવાર થઈ જાય છે, એના પ્રેમમાં મલિન લાગણીઓ દાખલ થાય છે, સમર્પણના બદલાની આશા જન્મે છે. તે સોદા કરવા માંડે છે, પોતાની હલકી વૃત્તિઓની તૃપ્તિ માટે શોરબકોર કરી મૂકે છે અને પ્રેમના દિવ્ય પદાર્થને તદ્દન વિકૃત કરી અને મલિન કરી મૂકે છે.’’ ડિવાઈન મધર કહે છે : ‘‘આ દિવ્યપ્રેમનો આવિર્ભાવ કરવા માટે તેને ધારણ કરવાની શક્તિ તમારામાં હોવી જોઈએ. જે લોકો તેની દિવ્યગતિ પ્રત્યે ખુલ્લા હશે તેઓ જ એ દિવ્યપ્રેમનો આવિર્ભાવ કરી શકશે. આ દિવ્યપ્રેમમાં તો આત્મવિસ્મૃતિની પરાકાષ્ઠા આવેલી હોય છે. કશી શરત કે સંકોચ વિના, કશા પણ બદલાની આશા રાખ્યા વિના, પોતાની જાતને અશેષપણે ન્યોછાવર કરી દેવાની શક્તિ તેનામાં હોય છે.’’

પ્રેમની આ અવસ્થાનો ઉદય કેવી રીતે અને ક્યારે થાય તે સમજવા માટે મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજ અને સૂર્યવિજ્ઞાનના પ્રખર જ્ઞાતા, કવિરાજના ગુરુ મહાયોગી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ વચ્ચે થયેલ વાર્તાલાપની નીચે સંક્ષિપ્તમાં નોંધ કરી છે :

**કવિરાજ** : જ્ઞાનનો વિકાસ ક્યારે અને કેવી રીતે થાય ?

**વિશુદ્ધાનંદજી** : 'शरीर केवल कर्म है ।' એટલા માટે જ્યાં સુધી દેહભાવ છે ત્યાં સુધી લેશમાત્ર કર્મ રહેશે... માત્ર શાસ્ત્રપાઠ દ્વારા થવાવાળું જ્ઞાન શુષ્ક અને પરોક્ષ હોય છે. શુષ્ક જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતી નથી. વિશુદ્ધજ્ઞાનપ્રાપ્તિના માર્ગમાં એ તો કાંટા સમાન છે. કર્મ દ્વારા અપરોક્ષ જ્ઞાનનો ઉદય થાય છે અને એ પ્રકારના વિકાસને જ 'પ્રજ્ઞાચક્ષુમિલન' કહે છે. જ્ઞાનનો વિકાસ થવાથી, અહંકાર દૂર થવાથી વિષયાસક્તિ છૂટી જાય છે. ત્યારે સકળ પદાર્થોનું નિર્ભ્રાંત સ્વરૂપ પ્રકાશિત થવા લાગે છે અને કોઈ પણ પ્રકારનું આવરણ રહેતું નથી.

**કવિરાજ** : જ્ઞાન પછી કઈ અવસ્થાનો આવિર્ભાવ થાય છે ?

**વિશુદ્ધાનંદજી** : જ્ઞાન પછી ભક્તિનો ઉદય થાય છે. જ્ઞાન દ્વારા આત્મજ્ઞાન થયા પછી વિશુદ્ધ ભક્તિનો આવિર્ભાવ થાય છે. [આ સ્થિતિમાં] અન્ય આકાંક્ષાઓ તો દૂર રહી, મુક્તિની આકાંક્ષા પણ થતી નથી. ભોગ અથવા મોક્ષની સ્પૃહા પણ શુદ્ધ ભક્તિમાં પ્રતિબંધક છે, એટલા માટે બદ્ધ અને સ્થૂળ ભાવાપન્ન જીવ માટે શુદ્ધભક્તિનો ઉદય અસંભવ છે. જ્ઞાન એક પ્રકાશ સમાન છે જેથી વસ્તુઓનો સાક્ષાત્કાર થાય છે. અનંત પ્રાણને આકર્ષણ થાય છે તથા મનને તેની લગન લાગી જાય છે. એને જ ભક્તિ કહે છે. આમ ભક્તિ એ જ્ઞાનની પરિપક્વ અવસ્થા છે.

**કવિરાજ** : શું ભક્તિ પછી કોઈ અવસ્થા છે ?

**વિશુદ્ધાનંદજી** : હા, એ છે પ્રેમ. ભક્તિની પ્રગાઢ અવસ્થાને પ્રેમ કહે છે. એ પ્રેમ પરમઆનંદસ્વરૂપ છે. અનેક લોકો એને અદ્વૈતસિદ્ધિ કહે છે. [ભટ્ટ સાહેબ આ અવસ્થા માટે ગુરુદેવને પ્રાર્થે છે.] આ અવસ્થાની પૂર્ણતા જ મહાશક્તિ તથા અસીમતત્ત્વમાં પ્રવેશવાનું દ્વાર છે. ત્યાર બાદ અનંત મહાસાગર - જ્યાં શબ્દ અને મનની ગતિ પણ નથી. ત્યાં દ્વૈત, અદ્વૈત પણ નથી, એક પ્રકારની ઈશ્વરતત્ત્વની અતીત અવસ્થા છે – પૂર્ણ તથા મહાશક્તિનું સ્વરૂપ અને સ્વભાવ – 'बिना प्रेम से न मिले नंदलाला' પ્રેમ વિના આ પૂર્ણતત્ત્વમાં પ્રવેશ થતો નથી.

આમ વિશુદ્ધાનંદજીની સમજૂતી પ્રમાણે કર્મમાંથી જ્ઞાન, જ્ઞાનમાંથી ભક્તિ-શુદ્ધ ભક્તિમાંથી પ્રેમનો ઉદ્ભવ થાય છે; જે એક પ્રકારની ઈશ્વરતત્ત્વની અતીત અવસ્થા છે. આ અવસ્થા છેવટની અવસ્થા છે, પણ ત્યાર પહેલાં સાધકે કઈ રીતે વર્તવું જોઈએ એ વાત પણ મહત્ત્વની બને છે. શ્રી રમણ મહર્ષિ કહે છે : ''બીજા લોકો ગમે તેટલા ખરાબ હોય, મનુષ્યે એમના તરફ ધિક્કારની લાગણી ન રાખવી જોઈએ, ઇચ્છા અને તિરસ્કાર બન્નેથી બચવું જોઈએ. મનુષ્ય બીજાઓને જે આપે છે એ પોતાને આપે છે એ સત્ય સમજવું જોઈએ.'' સ્વામી વિવેકાનંદજી કહે છે : ''આપણે કદી કોઈનો તિરસ્કાર કરવો નહિ કારણ કે ધિક્કારની લાગણીનાં મોજાં પોતાના જ હૃદયમાં સામે [પાછા] આવીને અથડાશે. જો તમે પ્રેમની લાગણી દર્શાવશો તો તેનાં મોજાં પણ તમારા તરફ ફરીને પાછાં આવશે. આ એક અત્યંત ખાતરી ભરેલી બીના છે. મનુષ્યના હૃદયમાંથી નીકળેલી ધિક્કારની નાની વૃત્તિઓ પણ તેમના પુરજોશથી ધિક્કારને ઉત્પન્ન કરનારા હૃદયની સામે પાછી અથડાયા વગર રહેતી જ નથી. દુનિયાની કોઈ શક્તિ તેને તેમ કરતાં અટકાવી શકે તેમ નથી.''

આ જ વાત શ્રીમોટાએ પણ કહી છે. તેઓએ કહ્યું છે : ‘‘આપણે દરેક વિશ્વના એક Unit - એકમ છીએ. કહેવાય છે કે વિશ્વ ગોળાકારમાં ગતિ કરે છે. આપણી પણ ગતિ ગોળાકાર જ હશે એમ જણાય છે. આપણે જ્યાંથી આવ્યાં ત્યાં જ પાછા જવાનું છે એમ દેખાય છે. તેવી જ રીતે આપણે જેવી રીતે [ધિક્કાર, નફરત વગેરેનો] વિચાર કરીએ છીએ તે જ રીતે તે પાછા આપણામાં પેસતાં હોય છે. એટલે નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું વધારે સારું, નહિ તો પાછા એ વિચારો [ધિક્કાર વગેરેની લાગણી] બેવડા જોરથી - બેવડી ગતિથી આપણામાં પેસવાના છે, જે આપણને વધારે નુકસાન કરશે.’’ મહર્ષિ અરવિંદે કહ્યું છે : ‘‘બીજા માટે ધિક્કારને સ્થાન નથી, ખાસ તો એટલા માટે કે ભગવાન બધામાં રહેલો છે.’’

૭૫મા શ્લોકમાં ભટ્ટ સાહેબ ગુરુદેવના શુભાશિષથી દિવ્યપ્રેમની અનુભૂતિ થાય એવી અભીપ્સા વ્યક્ત કરે છે. તો ૭૬મી કડીમાં ગુરુદેવના અંતરમાં વહેતી ઉષ્માભર્યા પ્રેમની સ્રોતાસ્વિનીમાં ભક્તિભાવે નિમજ્જન થવાની ઈચ્છા કરે છે જેથી કરીને સંસારના બધા તાપ શમી જાય, એટલે કે મન શાંતિમાં લીન થઈ જાય. આ છે સંતની કૃપા, કરુણા, પ્રેમની અસર. ઘણા બધા સ્વજનોએ શ્રીમોટાના આવા લાગણીભર્યા, ઉષ્માભર્યા પ્રેમનો અનુભવ કર્યો છે.

મજાની વાત તો એ છે કે સંતના સાંન્નિધ્યમાં બેસવું એમની કરુણાપૂર્ણ દૃષ્ટિની પ્રભા માણવી એ અનુપમ અને આનંદદાયક અનુભવ છે. કોઈ એમની નિકટ ઘણા સંશયો અને પ્રશ્નો સાથે ગયું હોય, પણ ઘણીવાર એવું બને છે કે મનના આવા બધા ઉભરા [ભટ્ટ સાહેબ જેને સંસારના તાપ કહે છે] એમની પાસે બેસતાં જ પૂર્ણપણે શમી જાય છે. શ્રી રમણ મહર્ષિના અનન્ય ભક્ત એ.ટી.એમ.પી. મહાદેવને લખ્યું છે : ‘‘ઉપનિષદમાં જણાવેલી હૃદયગ્રંથિ ભેદાતાં સંશયો નષ્ટ થતાં પ્રગટ થતી વિશુદ્ધ અવસ્થાનો પૂર્ણ સ્વાદ [શિષ્ય] માણે છે. એ સ્થિરતાથી અંતર્મુખ બનીને જુએ છે કે મનનો અસ્થિર અશાંત પ્રવાહ શી રીતે શમે છે અને એ રીતે સ્વપ્રકાશ આત્માનું નિશ્ચલ પ્રતિબિંબ ગ્રહણ કરે છે.’’ ***(ક્રમશઃ)***

---


## ‘હરિઃૐ ગુંજન’ના ગ્રાહક થવા માટેનું ફોર્મ

**લવાજમના દર : વાર્ષિક : ₹ ૬૦/-** ☐ **પાંચ વર્ષ માટે : ₹ ૨૫૦/-** ☐ **દસ વર્ષ માટે : ₹ ૪૦૦/-** ☐

નામ : ____________________

સરનામું : ____________________

ગામ/શહેર : __________ તાલુકો : __________ જિલ્લો : __________


પીનકોડ નંબર : __________ ફોન / મોબાઈલ : __________

હું ‘હરિઃૐ ગુંજન’ના દ્વિમાસિક-સામયિકનાં લવાજમ પેટે મનીઓર્ડર/ચેક/ડીડી/ઈ-બેંકીંગ દ્વારા રૂા. __________ (અંકે રૂપિયા __________) મોકલાવું છું. ચેક/ડીડી નંબર : __________ તારીખ : __________ બેંકનું નામ : __________

**નોંધ :** ચેક/ડીડી **‘હરિઃૐ આશ્રમ, નડિયાદ’**ના નામનો મોકલવા વિનંતી.

**ફોર્મ તથા ચેક/ડીડી/મનીઓર્ડર મોકલવાનું સરનામું :**
હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ. પીન-૩૮૭ ૦૦૧
મો. : પરેશભાઈ શાહ - ૭૮૭૮૦૪૬૨૮૮, ૯૪૦૮૯૨૦૭૫૭

**લવાજમ ભરનારની સહી**



પૂજ્ય શ્રીમોટા, ભાઈશ્રી નંદુભાઈ, ડાહીબા અને શ્રી ઇન્દુભાઈ શેરદલાલ

## હરિઃૐ આશ્રમ, નડીઆદ

### ઉત્સવ/તહેવારની માહિતી

| | | |
|---|---|---|
| (૧) | **તા. ૨૫-૦૯-૨૦૨૧** | પૂજ્ય શ્રીમોટા ૧૨૪મો અવતરણ દિન (ભાદરવા વદ ચોથ) |
| | **શનિવાર** | સાંજે : ૫-૦૦ થી ૯-૦૦ |
| | **તા. ૨૬-૦૯-૨૦૨૧** | પૂજ્ય શ્રીમોટા ૧૨૪મો અવતરણ દિન |
| | **રવિવાર** | સવારે ૭-૦૦ થી ૧૨-૩૦ સુધી |

**(વિગતવાર કાર્યક્રમ ઊજવણીના સ્થળ સહિત હરિઃૐ ગુંજન/હરિભાવના ટાઇટલ પેજ નં. ૨ ઉપર મુકેલ છે. જે જોવા સ્વજનોને વિનંતી.)**

| | | |
|---|---|---|
| (૨) | **તા. ૧૦-૧૦-૨૦૨૧** | પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈનો જન્મદિવસ (આસો સુદ પાંચમ) |
| | **રવિવાર** | સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ નિત્યપ્રાર્થના, આરતી, હરિઃૐ ધૂન |
| (૩) | **તા. ૧૫-૧૦-૨૦૨૧** | વિજ્યા દશમી (ધ્વજારોહણ) (યજમાન - આશરા પરિવાર) |
| | **શુક્રવાર** | સવારે ૮-૩૦ કલાકે |
| (૪) | **તા. ૪-૧૧-૨૦૨૧** | દિવાળી, ચોપડાપૂજન (શારદાપૂજન) |
| | **ગુરુવાર** | |
| (૫) | **તા. ૦૫-૧૧-૨૦૨૧** | નૂતન વર્ષાભિનંદન (બેસતું વર્ષ) |
| | **શુક્રવાર** | |

**નોંધ : અનુક્રમ નં. ૨ થી ૫ હરિઃૐ આશ્રમ, નડીઆદમાં ઊજવવામાં આવશે.**

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**



# અવતરણદિન મંગલાષ્ટક

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
'સો સો તું શરદો જીવો જગતમાં', એ પ્રાર્થીએ સૌ અમે,
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૧ ॥

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન-જન્મથી સુરગણો આનંદભાગી બન્યા,
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૨ ॥

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં,
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૩ ॥

આત્માનંદ મહીં સદા વિચરતા, રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવિયા આદર્શ મોંઘામૂલા,
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા, ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૪ ॥

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં, વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી;
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય-મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૫ ॥

સૌના દોષ અસંખ્ય ને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૬ ॥

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્‌ભાગ્યશાળી બન્યાં;
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૭ ॥

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ-ભાવના શુભ ગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું સ્વીકારજો પ્રેમથી ! ॥ ૮ ॥

— પુષ્પાબેન દલાલ

**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL